| | |
|---|---|
| GJBK040004172014 | દાખલ તારીખ :– ૨૩/૦૯/૨૦૧૪<br>નોંધ્યા તારીખ :– ૨૩/૦૯/૨૦૧૪<br>ફેંસલ તારીખ :– ૩૦/૦૯/૨૦૨૨<br>સમયગાળો :– વર્ષ. માસ. દિવસ. |

---

**મહે.પ્રિન્સીપાલ સીની. સિવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.ડીસા.**

---

**સ્પે.દિ.મુ.નં.૧૮૩/૨૦૧૪.**

**આંક–**

**વાદી :– સ્વ.ચતરાજી મુળાજી માળીના સીધી લીટીના વારસદાર**

૧) માળી બબીબેન તે ચતરાજી મુળાજી માળીની દીકરી તે
કાળાભાઈ વીરાભાઈ પરમારની પત્ની,
ઉ.વ.આ.૭૦, ધંધો–ઘરકામ.
મુળ રહે – જોધપુરીયા ઢાણી, માલગઢ, તા.ડીસા, જી.બ.કાં.
હાલ રહે – વાસણા ગોળીયા, તા.ડીસા, જી.બ.કાં.

૨) માળી પુરીબેન તે ચતરાજી મુળાજી માળીની દીકરી તે
છગનજી નેનાજી ગેલોતની પત્ની,
ઉ.વ.આ.૬૦, ધંધો–ઘરકામ,
મુળ રહે – જોધપુરીયા ઢાણી, માલગઢ, તા.ડીસા, જી.બ.કાં.
હાલ રહે – વડગામ, તા.રાનીવાડા, જી.જાલોર.

૩) માળી સ્વ.અણસીબેન તે ચતરાજી મુળાજી માળીની દીકરી તે
કસ્તુરજી કેરાજી ગેલોતની પત્નીના વારસદાર.

૩/૧) ગણપતજી કસ્તુરજી ગેલોત,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે – ઓઢવા, તા.ધાનેરા, જી.બ.કાં.

૩/૨) મણાજી કસ્તુરજી ગેલોત,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે – ઓઢવા, તા.ધાનેરા, જી.બ.કાં.

**વિ રૂ ધ્ધ**

**પ્રતિવાદી:–** ૧) મનુભાઈ પરખાજી માળી,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે – જોધપુરીયા ઢાંણી, માલગઢ,
તા.ડીસા, જી.બ.કાં.

૨) માળી(ગેલોત) પોપટજી મદરૂપજી, ઉ.વ.આ.૪૪,ધંધો–ખેતી

૩) માળી(ગેલોત) વસંતકુમાર મગાજી,ઉ.વ.આ.૩૫,ધંધો–ખેતી

૪) માળી(ગેલોત) ગુલાબભાઈ મગાજી,ઉ.વ.આ.૩૩,ધંધો–ખેતી

૫) માળી(ગેલોત) હીતેશકુમાર પોપટજી,ઉ.વ.આ.૨૬,ધંધો–ખેતી

૬) માળી(ગેલોત) હીતેન્દ્રકુમાર મનુભાઈ,
ઉ.વ.આ.૨૪,ધંધો–ખેતી

૭) માળી(ગેલોત) નવીનકુમાર મનહરલાલ,
ઉ.વ.આ.૨૨,ધંધો–ખેતી

૮) પઢીયાર કાન્તીલાલ લચ્છાજી, ઉ.વ.આ.૪૨, ધંધો–ખેતી,

૯) ભાટી ગણપતલાલ શીવલાલ, ઉ.વ.આ.પુખ્ત,ધંધો–ખેતી

પ્રતિવાદી નં.૨ થી ૯ વાસુદેવ કોલ્ડ સ્ટોરેજના ભાગીદારો,
પ્રતીવાદી નં. ૨ અને ૫ રહે –નવલપુરા, તા.ડીસા, જી.બ.કાં.
પ્રતિ.નં.૩ અને ૪ રહે–ભોયણ,પુજા કોલ્ડ સ્ટોરેજ,
તા.ડીસા, જી.બ.કાં.
પ્રતી.નં.૬, ૭ અને ૯ રહે–માલગઢ, તા.ડીસા, જી.બ.કાં.
પ્રતી.નં.૮ રહે – એલ.એમ.પાર્ક, તા.ડીસા, જી.બ.કાં.

**સહ પ્રતિવાદી:– ૧) સ્વ.પરખાજી લાધાજી માળીના સીધી લીટીના વારસદાર.**

૧) ચકીબેન તે ચતરાજી મુળાજીની દીકરી તે
પરખાજી લાધાજી માળીની પત્ની,
ઉ.વ.૬૩, ધંધો–ઘરકામ,
રહે – જોધપુરીયા ઢાણી, માલગઢ, તા.ડીસા, જી.બ.કાં.

૨) રમીલાબેન તે પરખાજી લાધાજી માળીની દીકરી
તે નારણાજી સવાજી ગેલોતની પત્ની,
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે – જોધપુરીયા ઢાણી, માલગઢ, તા.ડીસા, જી.બ.કાં.

૩) કમળાબેન તે પરખાજી લાધાજી માળીની દીકરી તે
રમેશકમુાર કપુરજી પઢીયારની પત્ની,
ઉ.વ.પુખ્ત, ધંધો–ઘરકામ,
રહે – જોધપુરીયા ઢાણી, માલગઢ, તા.ડીસા, જી.બ.કાં.,
હાલ રહે – કંકાવટી નગર, શીવનગર, સ્પોર્ટસ કલબની સામે,
તા.ડીસા., જી.બ.કાં.

**દાવો :– તા.૧૩/૬/૧૪ ના રોજ ડીસા સબ રજીસ્ટ્રાર કચેરી ડીસામાં અનુ.નં.૩૩૫૬ થી વેચાણ દસ્તાવેજ મોજે માલગઢ, તા.ડીસા ની સીમ હદનો રે.સ.નં.૧૨૦/૧ + ૨ + ૩ +૪ પૈકી ૪ પૈકીની ૬૩૭૪ ચો.મી. જમીન રૂા.૧૭,૫૨,૦૦૦/– નો વેચાણ દસ્તાવેજ રદ કરવાનો દાવો. ...**

---

વાદી તર્ફે વિ.વ.શ્રી જે.એલ.ચૌહાણ.
પ્રતિવાદી નં.૧ તર્ફે વિ.વ.શ્રી કે.વી.ગેલોત.
પ્રતિવાદી નં.૨ થી ૯ તર્ફે વિ.વ.શ્રી એચ.જે.સુમરા.

---

–// ઠ રા વ //–

(૧) ***<u>આ કામે વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,</u>***

વાદી નં.૧, ૨ સ્વ.ચતરાજી મુળાજી માળીના સીધી લીટીના વારસદારો છે. અને વાદી નં.૩ સ્વ.અણસીબેન તે ચતરાજી મુળાજી માળીની દીકરી છે. અને તેના વાદી નં.૩/૧ અને ૩/૨ વાદી નં.૩ ના સ્વ.ના પુત્રો થાય છે. પ્રતી.નં.૧ વાદી નં.૧, ૨ ના ભાણેજ થાય છે અને વાદી નં.૩/૧ અને ૩/૨ ના માસાઈ ભાઈ થાય છે અને સહ પ્રતીવાદી નં.૧ વાદી નં.૧,૨ અને સ્વ.નં.૩ ની સગીબેન થાય છે. અને સહપ્રતીવાદી નં.૨ અને ૩ ભાણેજો થાય છે. વાદીઓ સ્વ.ચતરાજી મુળાજી માળીની સંયુકત મોજે માલગઢ, તા.ડીસાની સીમ હદમાં રે.સ.નં.૧૨૦ એ.૧૬–૨૨ ગુંઠા જમીન સંયુકત મુળ ખાતેદાર માળી મુળાજી કસ્નાજીના નામે ચાલતી તેમજ જમીન રે.સ.નં.૧૫૨/૧ બંને વારસા હકકથી ધનાજી મુળાજી, ચતરાજી મુળાજી, ચુનાજી મુળાજી તથા ગીગાજી મુળાજી તથા નારણા દોનાજીના સામાહીક કબજા મુજબ નોંધ નં.૯૧ થી પ્રમોલેગેશન વખતથી આવેલ છે. જે સંયુકત મીલકતનો સ.નં.૧૨૦

અને ૧૫૨/૧ માં નોંધ નં.૨૮૨ તા.૫/૧૧/૧૯૬૫ ના રોજ વાદી નં.૧, ૨ સ્વ.નં.૩ અને સહ પ્રતી.નં.૧ ના પીતાશ્રી ચતરાજી મુળાજી માળીનું અવસાન ૧૯૬૧ માં થતા વાદીઓની માતા સજનાબેન ચતરાજીના નામે નોંધ પડેલી અને સજનાબેન ચતરાજી માળીની પાસેથી સહ પ્રતી.નં.૧ ના પતિ પરખાજી લાધાજી માળીને આ જમીન વાવવાના લખાણ ઓથા હેઠળ વેચાણ દસ્તાવેજ છળકપટથી ૧૯૭૬ માં કરાવી લીધેલ તે દસ્તાવેજ રદ કરવા માટેનો તેમજ વિભાજનનું તેમજ વહેંચણીનો દાવો વાદીઓએ ડીસાના મે.પ્રીન્સી.સીની.સીવીલ જજ સા.ની કોર્ટમાં રે.દી.મુ.નં.૫૧/૧૪ થી આ મીલ્કત વાદગ્રસ્ત મીલકત વિભાજન કર્યા વગરની અને વહેંચણી કર્યા વગરની મીલ્કત આવેલી હોઈ દાવો દાખલ કરાવેલો છે. ત્યાર બાદ નોંધ નં. ૧૪૪૪ થી સહ પ્રતિવાદી નં.૧ થી ૩ હયાત હોવા છતાં પ્રતી.નં.૧ ના નામે ભાઈઓ ભાગની નોંધ પડાવીને સદરહુ વાદગ્રસ્ત મીલ્કત મોજે માલગઢ, તા.ડીસા, જી.બ.કાં.ની સીમ હદમાં આવેલ રે.સ.નં.૧૨૦/૧ + ૨ + ૩ +૪ પૈકી ૪ પૈકીની ૬૩૭૪.૦૦ ચો.મી. જમીન પ્રતિ.નં.૧ નાએ કલેકટરના હુકમથી હેતુ ફેર કરાવીને પ્રતિ.નં.૨ થી ૯ ને રૂા.૧૭,૫૨,૦૦૦/– માં વેચાણ થી ડીસા સબ રજીસ્ટ્રાર કચેરીના અ.નં.૩૩૫૬ તા.૧૩/૬/૧૪ ના રોજ વેચાણ કરી આપેલ છે. અને વાસુદેવ કોલ્ડ સ્ટોરેજના ભાગીદારો નં.૧ થી ૮ નાઓએ ડીસા કોર્ટમાં રે.દી.મુ નં.૫૧/૧૪ ના કામે પંચનામું કોર્ટ કમિશ્નર મારફત થયેલ તે તારીખે ખોદકામ ચાલુ કરેલ. સદરહુ મોજે માલગઢ, તા.ડીસા, જી.બ.કાં.ની સીમ હદમાં આવેલ રે.સ.નં.વાળી ખેતીની જમીન કોલ્ડ સ્ટોરેજના ઓદ્યોગીક હેતુ માટે બીન ખેતી વિષય હેતુમાં ફેરવવા મે.કલેકટરશ્રી બ.કાં.એ તા.૩/૬/૧૪ ના રોજ મંજૂરી આપેલ છે. તયાર બાદ પ્રતી.નં.૧ નાએ પ્રતિ.૨ થી ૯ નાઓને તા.૧૩/૬/૧૪ ના રોજ વેચાણ કરી આપેલ છે. જેની સામે મે.મામલતદારશ્રી, ડીસાને વાદીએ વાંધા અરજી તા.૫/૭/૧૪ ના રોજ આપેલી. જે જમીન વાદીઓની વડીલો પાર્જીત અને વહેંચણી વગરની હોઈ વેચાણ કરાર પહેલેથી છે. સદરહુ મોજે માલગઢ, તા.ડીસા, જી.બ.કાં.ની સીમ હદમાં આવેલ રે.સ.નંબરવાળી જમીન વાદીઓની વડીલો પાર્જીત તેમજ વિભાજન વગરની અને વહેંચણી વગર આવેલ હોઈ વાદીઓનો લાગ, ભાગ, હકક, હીત સમાયેલ હોઈ દાવો દાખલ થવાથી વિભાજન કરી વહેંચણીનો દાવો દાખલ

કરાવેલો હોઈ વાદીઓના હકક, હીત, અધીકાર ઉપર પ્રતીવાદીઓએ તરાપ મારેલ હોઈ આ વેચાણ લેખ કાનુની રીતે રદ કરાવવા માટે દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

(૨) આ કામના પ્રતીવાદી નં.૧ તથા પ્રતીવાદી નં.૨ થી ૯ નાને દાવાની નોટીસ બજતા, પ્રતિવાદી નં.૧ ના પોતાના વિ.વ.શ્રી મારફત આંક.૨૫ થી દાવા અરજીનો જવાબ રજુ કરેલ છે તેમજ પ્રતિવાદી નં.૨ થી ૯ નાએ પોતાના વિ.વ.શ્રી મારફત આંક.૨૩ થી દાવા અરજીનો જવાબ રજુ કરી તેમાં તેઓએ વાદીની દાવા અરજીની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, સત્ય હકીકતે જણાવેલ છેકે, મોજે ગામ માલગઢ, તા.ડીસા, જી.બ.કાં મુકામે સ.નં. ૧૨૦ તથા ૧૫૨/૧ વાળી જમીન સહપ્રતીવાદી નં.૧ ના પીતા તથા તેમના કાકા ધનાજી મુળાજી, ચુનાજી મુળાજી, ગીગાજી મુળાજી, નારણજી દાનાજીના સંયુકત ખાતે રેવન્યુ રેકર્ડે ચાલતી હતી. ત્યાર બાદ ચુનાજી મુળાજી તથા ચતરાજી મુળાજીનું મૈયત થતા સદરહુ જમીન માળી નારણજી દાનાજીના ભાગે ૩/૫ ભાગ તથા માળી ગીવાજી મુળાજીના ભાગે ૧/૫ ભાગ તથા સજનાબેન ચતરાજીના ભાગે ૧/૫ ભાગ તે રીતે વહેંચણી કરતા હીસ્સા મુજબ સ્થળ ઉપર કબજો સંભાળેલ તે અંગેની નોંધ હકક પત્રકે નોંધ નં.૨૮૨, તા.૫/૧૧/૧૯૬૫ ના રોજ પડેલ અને જે નોંધ સક્ષમ અધિકારીએ તા.૧૮/૨/૧૯૬૬ ના રોજ મંજૂર કરેલ. સહ પ્રતીવાદી નં.૧ ને કોઈ ભાઈ ન હોઈ અને સહ પ્રતીવાદી નં.૪ ને કુલ ચાર બહેનો હોઈ તેમનું પાલન –પોષણ તથા સામાજીક ખર્ચાઓ તેમના માતા સજનાબેન ચતરાજી સદરહુ ખેતીની જમીનની આવકમાંથી કરતા હતા અને ત્યાર બાદ સહ પ્રતીવાદી નં.૧ તથા તેમના બહેનાના આવી પડતા ખર્ચાઓને પહોંચી વળાતુ ના હોઈ સજનાબેન ચતરાજીના નામે ચાલતી સ.નં.૧ ૨૦ પૈકી તથા ૧૫૨/૧ પૈકી વાળી બંને જમીનમાંથી સ.નં.૧૨૦ પૈકીની ૪ એકર ૫ ગુંઠાવાળી જમીન પ્રતી.નં.૧ ના પીતા તથા સહ પ્રતી.નં.૧ ના પતી સ્વ.માળી પરખાજી લાધાજી પાસે થી અવેજની રકમ સ્વીકારીને તા.૧૦/૫/૧૯૭૬ ના રોજ વેચાણ આપેલ છે અને તેનો વેચાણ દસ્તાવેજ ડીસા સબ રજીસ્ટ્રાર કચેરીમાં અનુ નં.૩૦૨ થી રજુ થઈ નોંધાયેલ છે. જે દસ્તાવેજ વાદી નં.૨ ની હાજરીમાં વેચાણ આપી કબજો સોંપેલ છે. અને ત્યારથી સદરહુ સ.નં.૧૨૦ વાળી મીલ્કતના સ્વતંત્ર માલીક અને કબજેદાર, ભોગવટેદાર માળી પરખાજી

લાઘાજી થયેલા હતા. અને તેની નોંધ હકક પત્રકે નોંધ નં.૫૪૭, તા.૧૦/૯/૧૯૭૬ ના રોજ પાડવામાં આવેલ અને તે નોંધ સક્ષમ અધીકારીએ તા.૨૭/૧૦/૧૯૭૭ ના રોજ મંજુર કરેલ છે. અને તેજ દીવસે સજનાબેન ચતરાજીના નામે આવેલ સ.નં.૧૫૨ પૈકીની જમીન વાદી નં.૨ માળી પુરીબેન ચતરાજી પાસેથી અવેજની રકમ સ્વીકારીને તા.૧૦/૫/૧૯૭૬ ના રોજ વેચાણ આપેલ છે. અને તે વેચાણ દસ્તાવેજ આધારે વાદી નં.૨ વાળા સ્વતંત્ર માલીક, કબજેદાર બનેલા અને સ્થળ ઉપર કબજો ભોગવટો વેચાણ દસ્તાવેજ આધારે સંભાળેલો. આમ, વાદી નં.૨ વાળા સદ્રુહ સ.નં.૧૫૨ પૈકી ની જમીનના સ્વતંત્ર માલીક, કબજેદાર બનેલ છે. અને તે હકીકત રેકર્ડ ઉપર હોવા છતાં ખોટી હકીકતો ઉભી કરી સ.નં.૧૨૦ વાળી જમીન પુરતો દાવો કરેલ છે અને તે હકીકત રેકર્ડ ઉપર હોવા છતાં ના.કોર્ટને ગેરમાર્ગે દોરી સદરહુ દાવો દાખલ કરેલ છે. ત્યાર બાદ સદરહુ સ.નં.૧૨૦ પૈકીની જમીન પ્રતી.નં.૧ ના પીતા પરખાજી લાઘાજીના સ્વતંત્ર માલીક,કબજા,ભોગવટા હેઠળ સ્વપાર્જીત મીલ્કત આવેલી હતી. સ.નં. ૧ ૫૨ પૈકીની જમીન વાદી નં.૨ વાળાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૫૪૮ થી તા.૬/૮/૧૯૯૮ ના રોજ માળી દલપતકુમાર ચમનાજીને વેચાણ આપેલ છે અને તે વેચાણ ની નોંધ હકક પત્રકે ૧૭૯૨ થી તા.૨૭/૮/૯૮ ના રોજ પડેલ જે નોંધ સક્ષમ અધીકારી એ તા.૨૯/૧૦/૯૮ ના રોજ મંજૂર કરેલ છે. આ તમામ હકીકતો રેકર્ડ ઉપર હોવા છતાં તે તમામ હકીકતો વાદીઓ જાણતા હોવા છતાં ખોટી રીતે સ.નં.૧૨૦ પૈકીની જમીનની હકીકત ઉભી કરી દાવો દાખલ કરેલ હોઈ સદરહુ દાવો રદ થવાને પાત્ર છે. સદરહુ સર્વે નંબર ૧૨૦/૧+૨ +૩+૪ પૈકી ૪ ની હે.આરે.૧–૬૬–૯૩ ચો.મી. વાળી જમીનના પ્રતી.નં.૧ ના સ્વતંત્ર માલીક, કબજા ભોગવટા હેઠળ આવેલી હતી અને તેનો શાંત અને પ્રત્યક્ષ કબજો, ભોગવટો પ્રતી.નં.૧ ના ભોગવતા હતા ત્યાર બાદ સદરહુ સર્વે નંબરવાળી જમીન પ્રતી.નં.૧ એ કોલ્ડ સ્ટોરેજના હેતુ માટે બીન ખેતીમાં ફેરવવા માટે કલેકટર શ્રી બ.કાં.ને તા.૭/૫/૧૪ ના રોજ અરજી અને અને કલેકટરશ્રી બ.કાં.એ હુકમ નં.એ/ જમીન/૨/કલમ/૬૫ખ/ એન.એ.એસ.આર.૩૯/૧૩–૧૪/વશી/૨૭૯૯૯,તા.૩/૬/૧૪ ના રોજ ક્ષેત્રફળ ૬૩૭૪ ચો.મી.વાળી જમીન કોલ્ડ સ્ટોરેજના હેતુ માટે બીનખેતીમાં ફેરવવાનો હુકમ કરેલ અને

સદરહુ સર્વે નંબરવાળા જમીન પ્રતી.નં.૧ વાળાએ રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૩૫૬ થી તા.૧૩/૬/૧૪ ના રોજ વાસુદેવ કોલ્ડ સ્ટોરેજના ભાગીદારો એટલે કે પ્રતી.ઓને વેચાણ આપેલ અને ત્યારથી સર્વે નંબરવાળી જમીનના વાસુદેવ કોલ્ડ સ્ટોરેજ ના ભાગીદારો એટલે કે પ્રતીવાદીઓ સંયુકત માલીક,કબજેદાર,ભોગવટેદાર બનેલ છીએ અને હાલમાં પણ તેઓએ કોલ્ડ સ્ટોરેજનું બાંધકામ કરેલ છે. સદરહુ સર્વે નં.વાળી જમીન હાલે પ્રતી.નં.૧ ના સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા હેઠળ આવેલ છે અને તેમાં પ્રતી. નં.૧ ના ખેતી કરે છે. આ તમામ હકીકતો રેકર્ડ ઉપર હોવા છતાં વાદીઓએ પ્રતી.નં.૧ એ ખેતી ની જમીન બીન ખેતીમાં ફેરવ્યા બાદ તેમજ બીનખેતીવાળી જમીનનો દસ્તાવેજ કર્યા બાદ સદરહુ દાવો દાખલ કરેલ છે. આ કામના પ્રતી.નં.૨ થી ૯ શુધ્ધ બુધ્ધીપુર્વકના ખરીદનાર છે. સરદહુ દાવો લાવવાનું વાદીઓને કોઈ પણ પ્રકારનો હકક, અધીકાર ન હોઈ પ્રતી.નં.૧ ના પીતાએ સજનબેન ચતરાજી પાસેથી રજી.દસ્તાવેજથી જે વાદગ્રસ્ત મીલ્કત વેચાણ રાખેલ છે તે દસ્તાવેજ હાલ પણ અમલમાં છે અને તે વેચાણ દસ્તાવેજ રદ ન થાય ત્યાં સુધી કોઈ દસ્તાવેજો રદ કરાવવા માટે વાદીઓને કોઈ હકક, અધીકાર ન હોઈ સદરહુ દાવો રદ થવાને પાત્ર છે. ઉપરાંત, વાદીની દાવા અરજીના પેરા નં.૪, ૫ ની હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ છે જે હકીકત સાબીત કરવાની જવાબદારી આ કામના વાદીની છે. જેમાં ખરી હકીકતે જણાવેલ છેકે, આ કામના વાદીઓએ કોઈ પણ જાતના કારણ વગર ફકત પ્રતીવાદી પાસેથી પૈસા પડાવવાના બદ ઈરાદે વાદગ્રસ્ત દાવો દાખલ કરેલ છે અને સદરહુ દાવાવાળી મીલ્કત સાથે વાદઓનો કોઈ હકક, અધીકાર, હીત પહોંચતુ ન હોઈ,ફકત પ્રતી.ઓને હેરાન–પરેશાન કરવાના બદ ઈરાદે દાવો કરેલ હોઈ સદરહુ દાવો કોઈ પણ જાતના કારણ વગર કરેલ છે. વધુમાં પ્રતીવાદીઓએ દાવા બાબતે જણાવેલ છેકે, આ કામના વાદી નં.૧ વાળાએ એકઝીકયુટીવ મેજી.ડીસા સમક્ષ સોગંદનામું કરી જાહેર કરેલ છેકે, મોજે ગામ માલગઢ, તા.ડીસાની હદમાં આવેલ રે.સ.નં.૧૨૦/૧+૨ +૩ +૪ પૈકી ૪ પૈકીની ૬૩૭૪ ચો.મી. જમીન કોલ્ડ સ્ટોરેજના હેતુ માટે બીન ખેતી થયેલ જમીન સાથે અમારે કોઈ લેવા દેવા કે હકક દાવો નથી એન સદરહુ જમીન ઉપર કોઈ પણ પ્રકારનું બાંધકામ થાય કે લોન આપવામાં આવે કે અન્ય ઉપયોગ કરવામાં આવે તો

અમોને કોઈ વાંધો કે તકરાર નથી તે અંગેનું સોગંદનામું વાદી નં.૧ વાળાએ કરી આપેલ છે, તેમ છતાં ખોટી રીતે વાદગ્રસ્ત દસ્તાવેજ રદ કરવા માટે નામ.કોર્ટમાં લાવવામાં આવેલ દાવો કાયદાની પરીભાષા વિરૂધ્ધનો હોઈ તેમજ એક જ વ્યકિત બે પ્રકારના અલગ–અલગ કથન કરતા હોઈ, નામ. કોર્ટમાં વાદી ચોખ્ખા હાથે આવેલ ન હોઈ જેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

(૩) આ કામે વાદી તર્ફે નીચે મુજબના પુરાવાઓ સદર રેકર્ડ ઉપર રજુ થયેલ છે.

**–: <u>મૌખિક પુરાવા</u> :–**

| નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪૧ | વાદી નં.૧ બબીબેન તે ચતરાજી મુળાજીની દીકરી અને કાળાભાઈ વીરાભાઈની પત્નીનું સોગંદનામું |
| ૨ | ૫૩ | વાદી નં.૨ પુરીબેન તે સ્વ.ચતરાજી મુળાજી દીકરી ને છગનજી નેનાજી ગેલોતની પત્નીનું સોગંદનામું |
| ૩ | ૬૧ | વાદી નં.૩/૨ અણસીબેન તે સ્વ.ચતરાજી મુળાજી માળીની દીકરીના વારસદાર મણાજી કસ્તુરજી ગેલોતનું સોગંદનામું |

**–: <u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪૪ | મોજે માલગઢ તા.ડીસા, જી.બ.કાં.ના રે.સ.નં.૧૨૦/૧+ ૨+ ૩+૪ પૈકી ૪ પૈકીની ક્ષેત્રફળ ૬૩૭૪ ચો.મી.જમીનના વેચાણ દસ્તાવેજની અનુ.નં.૨ ની તા.૧૩/૬/૧૪ ના રોજ નં.૩૩૫૬ થી નોંધાયેલ નકલ. |
| ૨ | ૬૨ અને ૬૩ | મોજે માલગઢ, તા–ડીસા ગામનો નમુનો નં.૬ હકકનું પત્રક. |

વાદી તરફે વધુ કોઈ પુરાવો આપવા માગતા ના હોઈ આંક–૬૫ થી પુરાવો બંધ કરવાની પુરસીસ રજૂ કરેલ છે.

(૪) આ કામે પ્રતિવાદી તર્ફે નીચે મુજબના પુરાવાઓ સદર રેકર્ડ ઉપર રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા :–**

| નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૭૨ | પ્રતીવાદી.નં.૧ મનુભાઈ પરખાજી માળીનું સોગંદનામું |
| ૨ | ૧૦૧ | પ્રતીવાદી નં.૩ માળી વસંતકુમાર મગાજીનું સોગંદનામું |

પ્રતિવાદી નં.૨ થી ૯ તર્ફે નીચે મુજબના પુરાવાઓ સદર રેકર્ડ ઉપર રજુ થયેલ થયેલ છે.

**દસ્તાવેજી પુરાવા :–**

| નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૯૧ | દસ્તાવેજ નં.૩૦૧ ની નકલ. |
| ૨ | ૯૨ | દસ્તાવેજ નં.૩૦૨ ની નકલ. |
| ૩ | ૯૩ | દસ્તાવેજ નં.૨૫૪૮ ની ખરી નકલ. |
| ૪ | ૯૪ | આર.ટી.એસ.અપીલ નં.૬૯/૨૦૧૪ ના હુકમની નકલ. |
| ૫ | ૯૫ | આર.ટી.એસ.અપીલ નં.૧૩૭/૨૦૧૪ ના હુકમની નકલ |
| ૬ | ૯૬ | બ.કાં. કલેકટરના હુકમ નં.બી/જમીન –૪ રીવીઝન કેસ નં.૧ ૫૧/૨૦૧૫ માલગઢ ના હુકમની ખરી નકલ. |
| ૭ | ૯૭ | બ.કાં. કલેકટરના હુકમ નં.બી/જમીન –૪ રીવીઝન કેસ નં.૧ ૫૨/૨૦૧૫ માલગઢ ના હુકમની ખરી નકલ. |
| ૮ | ૯૮ | બ.કાં. કલેકટરના હુકમ નં.બી/જમીન –૪ રીવીઝન કેસ નં.૨૨૦/૨૦૧૫ માલગઢ ના હુકમની ખરી નકલ. |
| ૯ | ૯૯ | રી.દી.મુ.નં.૫૧/૨૦૧૪ ના હુકમની ખરી નકલ. |

પ્રતીવાદી નં.૧ તરફે વધુ કોઈ પુરાવો આપવા માગતા ના હોઈ આંક–૮૬ થી પુરાવો બંધ કરવાની પુરસીસ રજૂ કરેલ છે.

પ્રતીવાદી નં. ૨ થી ૯ તરફે વધુ કોઈ પુરાવો આપવા માગતા ના હોઈ આંક – ૧૦૫ થી પુરાવો બંધ કરવાની પુરસીસ રજૂ કરેલ છે.

૫) સદર દાવાનો ન્યાયિક નિર્ણય કરવા સારૂ મારા પુરોગામી પ્રિન્સી.સીની. સીવિલ જજશ્રી દ્વારા આંક–૩૦ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**–: મુ દ્દા :–**

1. Whether the Plaintiff Prove that the suit Property is anecestral, Co-Parcernary and un-divided ?

2. Whether the left.No.1 Proves that the suit property is of sole ownership of his father ?

3. Whether the Suit of the Plaintiffs is barred by Law of Limitation ?

4. Whether the Plaintiffs are entitled to get relief as Prayed for ?

5. What Order & Decree ?

૬) ઉપરોકત મુદ્દા અનુસંધાને નીચે મુજબના નિર્ણયો રજૂ કરવામાં આવે છે

**–: નિ ર્ણ યો :–**

૧. નકારમાં,

૨. હકારમાં,

૩. નકારમાં,

૪. નકારમાં,

૫. આખરી હુકમ મુજબ.

૭) ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે.

**–: <u>કા ર ણો</u> :–**

**<u>દલીલો</u> :–**

૭.૧) આ કામે વાદીએ આંક–૧૩૭ ની લેખીત દલીલમાં જણાવેલ છેકે, વાદી નં.૧, ૨ અને સ્વ.નં.૩ અને સહ પ્રતીવાદી નં.૧ સ્વ. ચતરાજી મુળાજી માળીના સીધી લીટીના વારસદાર છીએ.વાદી નં.૩ સ્વ.અણસીબેન તે ચતરાજી મુળાજી માળીની દીકરી છે અને વાદી

નં.૩/૧ અને ૩/૨ સ્વર્ગસ્થના પુત્રો છે. પ્રતીવાદી નં.૧ વાદી નં.૧, ૨ ના ભાણેજ થાય છે. અને વાદી નં.૩/૧ અને ૩/૨ ના માસાઈ ભાઈ થાય છે અને સહ પ્રતીવાદી નં.૧ વાદી નં.૧, ૨ અને નં.૩ ની સગીબેન થાય છે. સહ પ્રતીવાદી નં.૨ અને ૩ ભાણેજો જાય છે અને પ્રતીવાદી નં.૨ થી ૯ નાઓ રેવન્યુ સ.નં.૧૨૦/૧ + ૨ + ૩ +૪ પૈકી ૪ ની ૬૩૭૪ ચો.મી. જમીન ખરીદનારાઓ છે. સ્વ.ચતરાજી મુળાજી માળીની સંયુકત જમીન મોજે માલગઢ, તા.ડીસાની સીમની હદમાં રે.સ.નં.૧૨૦ એકર ૧૬–૨૨ ગુંઠા જમીન સંયુકત મુળ ખાતેદાર માળી મુળાજી કસ્નાજીના નામે ચાલતી હતી. તે જમીન રે.સ.નં.૧૫૨/૧ બંને વારસા હકકથી ઘનાજી મુળાજી,ચતરાજી મુળાજી, ચુનાજી મુળાજી તથા ગીગાજી મુળાજી તથા નારણાજી દાનાજીના સામુહીક કબજા મુજબ નોંધ નં.૯૧ થી પ્રમોલેગેશન વખતથી આવેલી છે. જે સંયુકત મીલકત ના સ.નં.૧૨૦ અને ૧૫૨/૧ માં નોંધ નં.૨૮૨, તા.૫/૧૧/૧૯૬૫ પડેલી છે. આ કામના વાદી નં.૧, ૨ અને સ્વ.નં.૩ અને સહ પ્રતીવાદી નં.૧ ના પીતાશ્રી ચતરાજી મુળાજી માળીનું અવસાન ૧૯૬૧ માં થયેલ. અમો વાદીઓની વારસાઈ કરાવ્યા વગર અમો વાદીઓની માતા સજનાબેન ચતરાજીના નામે નોંધ નં.૨૮૨ પડેલી છે અને હીન્દુ પાલ્ય ધારા કલમ મુજબ જમીન વેચવા માટે સેશન્સ કોર્ટની પરવાનગી લીધેલ નથી. અને સજનાબેન ચતરાજી માળીની પાસેથી સહ પ્રતીવાદી નં.૧ ના પતિ પરખાજી લાઘાજી માળીને આ જમીન વાવવાના લખાણ ઓથા હેઠળ છળકપટ રીને વેચાણ દસ્તાવેજ ૧૯૭૬ માં કરાવી લીધેલ તે દસ્તાવેજ રદ કરવા માટેનો તેમજ વિભાજનનો તેમજ વહેંચણીનો દાવો વાદીઓએ રે.દી.મુ.નં.૫૧/૧૪ થી વાદગ્રસ્ત મીલ્કત અંગે ડીસાન સીવીલ કોર્ટમાં આ મીલ્કત વડીલોપાર્જીત કોપાર્સનરી છે તેમજ વિભાજન કર્યા વગરની અને વહેંચણી કર્યા વગરની મીલ્કત આવેલી છે. સ.નં.૧૨૦ માં નોંધ નં.૫૪૭ પડેલી છે. ત્યાર બાદ નોંધ નં.૧૪૪૪ થી સહ પ્રતીવાદી નં.૧ થી ૩ હયાત હોવા છતાં પ્રતી.નં.૧ ના નામે ભાઈઓ ભાગની નોંધ પાડવા આ મીલ્કત પૈકી ૪ પૈકીની ૬૩૭૪.૦૦ ચો.મી. જમીન પ્રતી.નં.૧ નાએ કલેકટરના હેતુફેરના હુકમથી પ્રતી.નં.૨ થી ૯ ને રૂા.૧૭,૫૨,૦૦૦/– માં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૩૫૬, તા.૧૩/૬/૧૪ ના રોજ વેચાણ કરેલ અને વાસુદેવ કોલ્ડ સ્ટોરેજના ભાગીદારો નં.૧ થી ૮ નાઓએ રે.દી.મુ.નં.

૫૧/૧૪ ના કામે કોર્ટ કમિશ્નર મારફતે કરવામાં આવેલ તે તારીખે ખોદકામ ચાલુ કરેલ તે પ્રતી.નં.૨ થી ૯ ને ડીસા કોર્ટમાં દાવાની જાણ હોવા છતાં આ જમીન ઉપર બાંધકામ ચાલુ કરેલુ અને આ બીન ખેતીમાં ફેરવવા બનાસકાંઠાના કલેકટરે તા.૩/૬/૧૪ ના રોજ કોલ્ડ સ્ટોરેજ બનાવવા મંજૂરી આપેલી. ત્યાર બાદ પ્રતીવાદી નં.૧ એ પ્રતી.નં.૨ થી ૯ ને આ જમીન નું વેચાણ કરેલ. આ જમીન વાદીઓની વડીલોપાર્જીત કોપાર્સનરી હોઈ વિભાજન વગરની અને વહેંચણી વગરની હોઈ વેચાણ કરાર ન પહેલેથી નલ એન્ડ વોઈડ છે અને વેચાણ દસ્તાવેજ રદ કરાવવાદ હાલનો દાવો કરેલ છે. આ કામે વાદી નં.૧ એ બબીબેને તેમનું પુરાવા નું સોગંદનામું આંક–૪૧ થી રજૂ કરેલ છે તેમાં તેઓએ દાવાને અનુરૂપ હકીકત જણાવેલ તેમજ માલગઢના રે.સ.નં.૧૨૦ એકર ૧૬–૨૨ ગુંઠા જમીન તથા ૧૫૨/૧ સંયુકત ખાતેદાર માળી મુળાજી કસ્નાજીના ખાતે ચાલતી જમીન વારસા હકકથી માળી ઘનાજી મુળાજી તથા ચતરાજી મુળાજી તથા ચુનાજી મુળાજી તથા ગીગાજી મુળાજી તથા નારણા ઘનાજીના સામુહીક કબજા ભોગવટામાં આવેલી. જેની માલગઢ, તા.ડીસાના ગામ નમુના નં.૬ ના હકક પત્રકે નોંધ નં.૯૧ પ્રમોલેગેશન સમયે હતી, જે આ કામે આંક–૬૨ થી રજુ થયેલ છે. વાદીનો સ.નં.૧૨૦ તથા ૧૫૨/૧ માં સંયુકત કબજો ભોગવટો હતો. પરંતુ સને–૧૯૬૧ માં વાદી નં. ૧,૨,૩ તથા સહપ્રતીવાદી નં.૧ ના પીતાશ્રીનું અવસાન થતા ગામ નમુના નં.૬ ના હકક પત્રકે નોંધ નં.૨૮૨, તા.૫/૧૧/૧૯૬૫ ના રોજ વાદીઓની માતા સજનીબેન ચતરાજી માળીએ એકલાના નામે નોંધ નં.૬૨ પડેલી છે, જે આંક–૬૨ થી રજૂ કરેલ છે. વાદી નં.૧ થી ૩ તથા સહ પ્રતીવાદી નં.૧ હયાત હોવા છતાં અમો વાદીઓની સ્વ.પીતાશ્રી ચતરાજી મુળાજી માળીની વડીલોપાર્જીત સહીયારી મીલ્કત હડપ કરી જવા માટે ગામ નમુના નં.૬ ના હકક પત્રકે વારસાઈ હકક કમી વગર કે સ.નં. ૧૫૨/૧ તથા સ.નં.૧૨૦ માં હકક જતા કર્યાની કોઈ નોંધ પાડયા વગર નોંધ નં.૨૮૨ આંક–૬૨ થી પડાવેલ છે. તે મીલ્કત સહીયારી વડીલોપાર્જીત કોપાર્સનરી મીલકત છે અને આ નોંધમાં અમો વાદી નં.૧ થી ૩ નાએ કોઈ સંમતી આપેલ નથી. આમ, દાવાવાળી મીલ્કત વડીલોપાર્જીત મીલ્કત સહ હીસ્સેદારીની અને વહેંચવામાં આવેલ નથી તેવુ સાબીત થાય છે. આજ હકીકત વાદી નં.૧ થી ૩ ના પીતાશ્રી તથા વાદી નં.૨

પુરીબેન તથા વાદી નં.૧ બબીબેન અને વાદી નં.૩ અણસીબેન તેમજ સહ પ્રતીવાદી નં.૧ ચકીબેન આમ, કુલ ચાર દીકરીઓ હયાત છે. વાદીઓના પીતા સ્વ.ચતરાજી મુળાજી માળી ની સંયુકત મીલ્કત મોજે માલગઢ, તા.ડીસાની સીમ હદમાં રે.સ.નં.૧૨૦ એકર ૧૬–૨૨ ગુંઠા જમીન તથા સ.નં.૧૫૨/૧ સંયુકત ખાતેદાર માળી મુળાજી કસ્નાજીના ખાતે ચાલતી જમીન વારસા હકથી માળી ધનાજી મુળાજી તથા ચતરાજી મુળાજી તથા ચુનાજી મુળાજી તથા ગીગાજી મુળાજી તથા નારણાજી ધનાજીના સામુહીક કબજા ભોગવટા મુજબ આવેલી, જે આ કામે આંક–૬૨ થી રજૂ કરેલ છે. અમો વાદી નં.૧ થી ૩ તથા સહ પ્રતીવાદી નં.૧ હયાત અને પુખ્ત હોવા છતાં વાદીઓના સ્વ.પીતાશ્રી ચતરાજી મુળાજી માળીની વડીલોપાર્જીત કોપાર્સનરી મીલકત તેમજ વિભાજન કર્યા વગરની વહેંચણી કર્યા વગરની હોવા છતાં અમો વાદી નં.૧ થી ૩ નાએ સંમતી આપેલ ન હોવા છતાં નોંધ નં.૨૮૨ અમારી માતાએ પડાવેલી છે. આ કામે તમામ વાદીઓએ પેરા–૨ માં જણાવેલ છેકે, સ.નં.૧૨૦ માં સહ પ્રતીવાદી નં.૧ ના પતિના નામે વાવવાના બહાને લખાણ લખાવી છળકપટથી દગલબાજીથી વેચાણલેખ તા.૧૦/૫/૧૯૭૬ ના રોજ વાદીઓ નં.૧ થી ૩ તથા સહ પ્રતીવાદી નં.૧ ની માતા સંજનાબેન ચતરાજી માળીએ સહ પ્રતીવાદી નં.૧ ના પતિ પરખાજી લાધાજીના નામે અમારી સંમતી વગર લેખ લખી અમારી વડીલોપાર્જીત મીલકતનો ગેરકાયદેસર લેખ કરી આપેલ. તેની નોંધ નં.૫૪૭ ગામ નમુના નં.૬ ના હકકપત્રકે તા.૧૦/૯/૧૯૭૬ ના રોજ પડેલી અને અમો વાદીઓને ભાગ આપતા હતા પરંતુ અમો વાદી સને–૨૦૧૪ માં લગ્નની સીજનમાં પ્રતી.નં.૧ નાએ અપમાનીત કરેલ તેવુ કબુલેલ છે. તા.૧૦/૫/૧૯૭૬ ના રોજ વેચાણ દસ્તાવેજ દલગ બાજીથી અને છળકપટથી અવેજ કરાવી લીધેલ. તેમાં સંજનાબેન ચતરાજી માળીનો અંગુઠો વકતાજી માલાજીએ બાંધેલ છે. તેમજ સાક્ષી તરીકે વકતાજી માલાજી, રહે–માલગઢ તેમજ પુરીબેન ચતરાજીનું અંગુઠાનું નિશાન કરેલ અને વકતાજી માલાજીએ અંગુઠો બાંધેલ અને એમ.આર.ધાસુરા, રહે–જુનાડીસાએ ઓળખાણ આપેલ છે અને સાક્ષીમાં વકતાજી માલાજી ની સહી છે તેમજ બીજા સાક્ષી તરીકે પુરીબાઈ ચતરાજીના જમણા હાથના અંગુઠાનું નીશાન વકતાજીએ શાખ આપેલી છે અને વકતાજી માલાજી, રહે–માલગઢ તેમજ એમ.આર.ધાસુરા,

રહે–જુના ડીસાવાળાએ ઓળખાણ આપેલી છે. આ દસ્તાવેજ આંક–૯૨ થી રજુ થયેલ છે. આ દસ્તાવેજને પુરાવામાં માત્ર સ્વીકાર તે તેની સાબીતી ન ગણાય આપણી સર્વોચ્ચ અદાલત ૨૦૧૧ (૨) ગુજ.લો રીપોર્ટર (સુ.કો) પેજ નં.૧૪૨૯ ઉપર ભારતીય પુરાવા ધારાની કલમ સેકશન ૬૧, ૬૫, ૬૭ ને અનુલક્ષીને પ્રતીપાદીત સિધ્ધાંત સ્થાપીત કરેલ છે. '' પુરાવા માં માત્ર સ્વીકાર તે તેની સાબીતી ન ગણાય'' તેવુ કબુલેલ છે. આ દસ્તાવેજમાં સંજનાબેન ચતરાજી માળી અભણ હોવાથી અંગુઠો કરેલ છે તેમજ બીજા સાહેદ પુરીબેન ચતરાજીએ અંગુઠો મારેલ છે. અને આ અંગુઠાને બાંધનાર શ્રી વકતાજી માલાજી માળી, રહે–માલગઢ વાળા છે. તેમજ એમ.આર.ધાસુરા, રહે–જુના ડીસાવાળા બંને હયાત હોવા છતાં નામ.કોર્ટમાં બોલાવી સોગંદ ઉપર તપાસીને જુબાની સોગંદ ઉપર અપાવી શકયા હોત કે વેચાણ દસ્તાવેજ તા.૧૦/૫/૧૯૭૬ નો જેમાં લખી આપનાર સજનાબેન ચતરાજી માળીએ અવેજની રકમ રૂા. ૫૦૦૦/– રોકડા અમારી તથા પુરીબેનની રૂબરુ ગણીને લઈને સ્વીકારીને દસ્તાવેજ કરેલો હતો અને તે દસ્તાવેજમાં અંગુઠો અમારી રૂબરુ કરેલો હતો તેમજ દસ્તાવેજ લખનાર એલ.એમ.શેખ, રહે–ડીસાવાળાને પણ પ્રતીવાદી તરફે નામ.કોર્ટમાં બોલાવી સોગંદ ઉપર જુબાની અપાવીને સજનાબેન, ચતરાબેન દસ્તાવેજ મે લખેલો હતો. આ કામના સહપ્રતીવાદી નં.૧ ના સીધી લીટીના વારસદાર સહ પ્રતીવાદી નં.૧, ૨, ૩ કાયદેસર વારસદાર હોવા છતાં પ્રતીવાદી નં.૧ ના નામે ગામ નમુના નં.૬ ના હકકપત્રકે નોંધ નં.૧૪૪૪, તા.૫/૯/૧૯૯૨ ના રોજ પડાવેલી છે. મિતાક્ષરી કુટુંબમાં વડીલોપાર્જીત મીલ્કતમાં સહમાલીકોનો હકક જન્મ થી જ ચાલી આવેલ ગણાય, કર્તા એ એક સ્વાયત સતા છે. સંયુકત હિન્દુ કુટુંબના એક સભ્ય ને સંમાશિત મીલ્કતમાં કોઈ નિશ્ચિત હીસ્સો હોતો નથી. સમાંશિત મીલ્કતમાં રહેલ તેના અવિભકત હીતનું સ્વત્વાર્પણ કરીને એક સમાંશિત અન્ય સમાંશિતોને મીલકત પરત્વેના તેમના અધિકારથી વંચીત કરી શકે નહી. અને એક હીન્દુ પુરૂષ ધ્વારા તેના પીતાના પીતા અથવા પિતાના પિતાના પિતા પાસેથી વારસાઈ વડે મેળવવામાં આવેલ મીલ્કત વડીલો પાર્જીત મીલ્કત છે. વડીલોપાર્જીત મીલ્કતનું મહત્વનું પાસુ, મીતાક્ષર કાયદા પ્રમાણે એ છેકે, દરેક વ્યકિતને જેણે વારસાઈથી મેળવેલ છે તેમાં પુત્રો, પૌત્રો અને પ્રપોત્રો તેમજ જન્મની

ક્ષણે આવી મીલ્કત મીલ્કત સાથે જોડાયેલ હિત અને હકકો સંપાદીત કરે છે. એક સમાંશીત વડીલોપાર્જીત મીલ્કતના વિભાજન ઉપર જે હીસ્સો મેળવે છે તે તેના પુરૂષ બાળકના સબંધ માં વડીલોપાર્જીત મીલ્કત છે. વિભાજન થયા બાદ દીકરાના હાથોમાં રહેલ મીલકત વડીલો પાર્જીત મીલકત તરીકે ચાલુ રહેશે અને તે દીકરાનો કુદરતી અથવા દતક દીકરો તેમાં હીત મેળવશે અને તે તેના નામ પરત્વે ઉત્તરજીવીના ધોરણે હકકદાર છે. મિતાક્ષર કાયદા હેઠળ, જયારે પણ એક પુરૂષ પુર્વજ તેની ઉપરની ત્રણ પેઢી સુધીના તેના પિતૃક પૂર્વજો પૈકીના કોઈની પાસેથી કોઈ મીલકત વારસાઈથી મેળવે છે, તો પછી તેની નીચેની ત્રણ પેઢીઓ સુધી ના તેમના પુરૂષ કાનુની વારસો તે મીલ્કતના સમાંશિતો તરીકે સમાન અધિકાર મેળવે છે. આંક–૯ર વાળો દસ્તાવેજ દગલબાજીથી અને છળકપટથી અવેજ વગર કરાવી લીધેલ અને તેમાં રૂા.૩૪૫/–નો સ્ટેમ્પ વાપરેલાનું જણાય છે. જેમાં પાંચેય દસ્તાવેજમાં અંગુઠાની છાપ સજનાબેન ચતરાજીના ડાબા હાથના અંગુઠાની છાપ બતાવેલી છે. જેમાં લેનારનું નામ સજના બેન પછી (ચેકી નાખેલ) ચતરાજી માળી ગામ–માલગઢ, જોધપુરીયા ઢાણી, તા.ડીસા સહી સજનાબેન ઉપર લખેલ છે. પછી ચેકચક કરી ચતરાજીના ડાબા હાથના અંગુઠાનું નિશાન બતાવેલ છે, આવુ આ દસ્તાવેજના તમામ સ્ટેમ્પ પેપર ઉપર છે. સજનાબેન સ્ત્રી હોવા છતાં જમણા હાથના અંગુઠાનું નિશાન લખવાના બદલે ડાબા હાથના અંગુઠાનું નીશાન દર્શાવેલ છે. એટલે રૂા.૩૪૫/– ના પાંચેય દસ્તાવેજો કોઈ પુરૂષ લેવા ગયેલ છે અને તેનું નામ ચેકી નાંખી ઉપર સજનીબેનનું પાછળથી લખેલ છે અને તા.૦૭/૫/૧૯૭૬ ના પાંચેય દસ્તાવેજોનો ઉપયોગ તા.૧૦/૫/૧૯૭૬ ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરી, ડીસામાં સાંજના ૪ થી ૫ વાગ્યા ના વચ્ચે રજુ કરેલ છે. આ દસ્તાવેજમાં લખી આપનાર સજનાબેન ચતરાજી માળી અભણ હોવાના લીધે અંગુઠો મારેલ છે અને તે અંગુઠાને વકતાજી માલાજી, રહે–માલગઢ, તા.ડીસાએ બાંધેલ છે અને સાક્ષી તરીકે વકતાજી માલાજીએ સહી કરેલી છે અને બીજા સાક્ષી પુરીબાઈ ચતરાજીને બતાવેલ છે.તેઓ અભણ હોવાથી જમણા હાથના અંગુઠાનું નીશાન મારેલ છે અને દસ્તક વકતાજીએ બાંધેલ છે. અને આ દસ્તાવેજ લખનાર એલ.એન.શેખ એડવોકેટ છે. પ્રતીવાદી તરફે રજૂ થયેલ આંક–૯ર નો દસ્તાવેજ પુરાવામાં માત્ર સ્વીકાર તે તેની સાબીતી ન

ગણાય. વકતાજી માલાજી રહે–માલગઢ (૨) એમ.આર.ઘાસુરા, જુના ડીસા (૩) એલ.એન. શેખ ડીસા દસ્તાવેજ લખનાર ત્રણેય જણાઓમાંથી બેને બોલાવીને નામ.કોર્ટમાં તપાસી શકયા હોત અને આંક–૮૬ થી પ્રતી.નં.૧ નો પુરાવો બંધ કરવાની પુરસીસ આપેલી છે. તેમજ પ્રતી.નં.૧ નું આંક–૭૨ થી સોગંદનામું રજૂ કરેલ છે. તે સમય દરમ્યાન આંક–૯૨ ના દસ્તાવેજમાં અંગુઠો સજનાબેન ચતરાજીએ મારી રૂબરુ અવેજની રકમ લઈને મારેલ છે તેમજ સાક્ષી તરીકે પુરીબેન ચતરાજીના અંગુઠાનું નિશાન મારી રૂબરુ મારેલ છે અને અવેજની રકમ રૂા.૫,૦૦૦/– રોકડા આપેલા હતા તેથી મે દસ્તક વકતાજીદ માલાજીની સહી કરેલી છે. આ સહી મારી છે તેવુ નામ.કોર્ટમાં સોગંદ ઉપર તપાસીને આંક–૯૨ ના સાક્ષીને તપાસી શકયા હોત તેમજ એમ.આર.ઘાસુરાને નામ.કોર્ટમાં સાહેદ તરીકે બોલાવીને ના.કોર્ટમાં સોગંદ ઉપર જુબાની અપાવીને આંક–૯૨ વાળો દસ્તાવેજમાં સજનાબેન લખી આપનાર તીરકે મારી રૂબરુ અંગુઠો મારેલ અને હતો અને ઓળખતો હોવાથી મે દસ્તાવેજમાં સહી કરેલી હતી તે સાબીત કરી શકયા હોત પરંતુ પ્રતીવાદીએ આવુ કરેલ નથી. દસ્તાવેજમાં ડીસાના ગામ માલગઢમાં સ.નં.૧૨૦ વાળી જમીન આવેલી છે તે જમીન (૧) શાંતાબેન ઘનાજી, જમનાબેન ઘનાજી, હસ્તુબેન ઘનાજી, દીવાળીબેન ઘનાજી (૨) ગીગાજી મુળાજી (૩) નારણાજી દાનાજી (૪) સજનાબેન ચતરાજી વિ.ની કુલ માલીકીની ૧૬ એકર ૨૨ ગુંઠા છે. તે જમીનના અંદરો અંદર ભાગ પડતા અમારા ભાગે ૪ એકર સાડા પાંચ ગુઠા જમીન આવેલી છે. સદરહુ જમીન તે તમો ને રૂા.૫૦૦૦/– પુરામાં વેચાણ આપેલ છે. તે તમામ હકીકત સોગંદ ઉપર પુછીને સાબીત કરી શકયા હોત તેમજ આ ખેતર સ.નં.૧૨૦ ની ૪ એકર સાડા પાંચ ગુંઠા જમીનનો ૭/૧૨, ૮–અ ના ઉતારાઓ જોયા હતા. તેમાં એકર ૪ સાડા પાંચ ગુઠા જમીનમાં દસ્તાવેજમાં સાક્ષી તરીકે અંગુઠો મારનાર પુરીબાઈ ચતરાજી માળી છે. તેમજ સજનબેન ચતરાજી માળીને (૧) બબીબેન (૨) પુરીબેન (૪) ચકીબેન (૪) અણસીબેન ચાર દીકરીઓ હયાત છે તે ચારેય દીકરીઓની સહી, અંગુઠાઓ દસ્તાવેજમાં લખી આપનાર તરીકે લખીને કરાવી શકયા હોત અથવા દસ્તાવેજ લખી આપનારાઓમાં ચારેય દીકરીઓના નામ જણાયી શકયા હોત તે સાબીત કરી શકત.પરંતુ આ દસ્તાવેજ સને–૨૦૨૦ ના કોરોના સમય દરમ્યાન મૃત્યુ પામેલ છે

તે પહેલા સોગંદ ઉપર સાબીત કરી શકયા હોત, પરંતુ તપાસેલ નથી કે આંક–૭૨ ના સોગંદનામામાં જણાવેલ નથી કે આંક–૯૧ અને આંક–૯૨ ના બંને દસ્તાવેજો ગુમ થયા છે અથવા નાશ પામેલા છે તેવુ જણાવેલ નથી. તેથી પુરાવાની કલમ–૬૫ મુજબ ગૌણ પુરાવો ગ્રાહય રાખી શકાય નહી. આંક –૯૧ નો દસ્તાવેજ લખનાર એલ.એન. શેખને નામ. કોર્ટમાં બોલાવીને તપાસેલ હોત તો તેઓ કહી શકયા હોત કે આ દસ્તાવેજ અમોએ હસ્તાક્ષરમાં લખેલ છે અને આ દસ્તાવેજમાં માલગઢની સીમમાં તા.ડીસામાં સ.નં.૧૫૨ આવેલો છે તેવુ જણાવેલ હતુ અને આ દસ્તાવેજ રૂા.૪૦૦૦/– નો એકર ૧–૪ ગુંઠા જમીન આવેલી હતી. આમ, સત્ય હકીકતે બહાર આવી જાય તેમ છેકે, એક ગામની સીમમાં એકર ૧–૪ ગુંઠા જમીનના રૂા.૪૦૦૦/– માં દસ્તાવેજમાં લખેલ છે. જયારે આંક–૯૨ વાળા દસ્તાવેજમાં માલગઢની સીમ હદમાં આવેલ સ.નં.૧૨૦ માં એકર .૪–સાડા પાંચ ગુંઠા જમીનનો વેચાણ દસ્તાવેજ તમોએ લખેલ હતો તેથી એક એકરના રૂા.૪૦૦૦/– લખેલા છે. જયારે આંક–૯૨ વાળા દસ્તાવેજમાં રૂા.૧૬,૦૦૦/– ની રકમ કેમ ન લખી તે પુછી શકત પરંતુ પ્રતીવાદીઓ તરફે બંને દસ્તાવેજ લખનારને તપાસેલ નથી અને સાબીત કરી શકેલ નથી કે આંક–૭૨ ના સોગંદનામમાં જણાવેલ નથી કે, આંક–૯૧, આંક–૯૨ બંને દસ્તાવેજો ગુમ થયેલ છે અથવા નાશ પામેલ છે તેવુ જણાવેલ નથી. તેથી પુરાવાની કાયદાની કલમ ૬૫ મુજબ ગૌણ પુરાવો ગ્રાહય રાખી શકાય નહી. પ્રતીવાદી નં.૧ એ માલગઢ, તા.ડીસાના તલાટી કમ મંત્રીને કોર્ટમાં બોલાવી આંક–૯૨ ના દસ્તાવેજ તા.૧૦/૫/૭૬ નો સ.નં.૧૨૦ માં આંક–૬૩ થી નોંધ નં.૫૪૭ પાડતા પહેલા સજનીબેન ચતરાજી માળી, રહે–જોધપુરીયા ઢાણી, માલગઢને જમીન મહેસુલ કાયદા હેઠળ ૧૩૫ ડી ની નોટીસ બજાવેલ હોય તેની અસલ નકલ અને સજનીબેન ચતરાજી માળીએ જવાબ આપેલ હોય તો તેની અસલ જવાબ નામ.કોર્ટમાં રજુ કરાવી શકયા હોત અને નોંધ નં.૫૪૭ ને પરખાજી લાધાજી માળીનાં નામ ઉપર પાડેલી હોય અને પ્રમાણીત કરેલી છે તેના તમામ રેવન્યુના કાગળો નામ.કોર્ટમાં રજુ કરાવીને આંક પડાવી શકયા હોત અને સહ પ્રતીવાદી નં.૧ ચકીબેનને નામ.કોર્ટમાં બોલાવી સાહેદ તરીકે તપાસી દસ્તાવેજ છળકપટથી અને વાવેતર કરવાના બહાને કરાવેલ નથી તે સાબીત કરી

શકયા હોત. પરંતુ પ્રતીવાદી નં.૧ એ દાવાની નોટીસો મળ્યા બાદ આંક–૨૫ થી જવાબ ની સાથે દસ્તાવેજી લીસ્ટથી સાથે રજુ કરીને સાબીત કરેલ નથી કે પ્રતીવાદી નં.૧ ની આંક–૭૨ ની સોગંદ ઉપર જુબાનીમાં કે આંક–૮૬ થી કલોઝીંગ પુરસીસ આપતા સુધી તલાટી કમ મંત્રી પાસેથી રેવન્યુના કાગળો રજૂ કરીને સાબીત કરી શકેલ. જેથી પ્રતીવાદી નં.૧ દાવાવાળી મીલકત તેમની અને તેમના પીતાની માલીકીની આવેલાની હકીકત પુરવાર કરી શકેલ નથી. આ કામે વાદીઓએ તેઓનાં પુરાવાના સોગંદનામામાં પેરા–૨ માં બારમી લીટી ઉપરથી ૧૮ મી લીટી ઉપર જણાવ્યા મુજબ હાલનો દાવો સમય મર્યાદામાં દાખલ કરેલ છે તેથી દાવાને મુદતનો કોઈ બાધ નડતો નથી પુરવાર થાય છે. આ કામે સજનાબેન ચતરાજી માળીએ સ.નં. ૧૨૦ માં તેમજ સ.નં.૧૫૨/૧ માં બબીબેન ચતરાજી (૨) પુરીબેન ચતરાજી (૩) ચકીબેન ચતરાજી (૪) અણસીબેનના નામે વહેંચણી કરેલ નથી તેમજ સજનાબેનના નામે નોંધ નં. ૨૮૨ ની પડેલી છે. તેથી હિન્દુ સકસેસનના કાયદા મુજબ હીન્દુ સ્ત્રીની મીલ્કત તેનાથી જન્મેલ દરેક સંતાનોને પ્રાપ્ત થાય તેવુ કાયદાની કલમ–૧૫ અને ૧૬ પ્રમાણે એક હીન્દુ સ્ત્રી જે પણ મિલ્કતોની માલીક, મુખત્યાર હોય તે મીલકત તેના દરેકે દરેક પુત્ર કે પુત્રી (સંતાનો) જે સકસેશન એકટની કલમ–૧૫(૧)(એ) માં દર્શાવેલ છે તે પ્રમાણે તેઓ પ્રથમ લગ્નથી જન્મી હોય કે બીજા લગ્નથી જન્મેલ હોય કે અનૌરસ સંતાન હોય તેઓ દરેકને તેણીની મીલકતો સરખા હીસ્સે હસ્તાંતરીત થાય છે. વાદીઓની માતા સજનીબેન ચતરાજી માળીએ તેમની ચારેય દીકરીઓ (૧) બબીબેન (૨) ચકીબેન (૩) પુરીબેન (૪) અણસીબેનના વચ્ચે વહેંચણી કરેલ નથી અને આંક–૯૧ નો દસ્તાવેજને સજનાબેન ચતરાજી માળીએ ૧ એકર ૪ ગુંઠા જમીન સ.નં.૧૫૨/૧ ને રૂા.૪૦૦૦/– માં વેચાણ કરેલાનું જણાવે છે તે દસ્તાવેજની અવેજની રકમ પુરીબેને ચુકવી હોય તો આંક–૫૩ ની જુબાનીમાં જણાવેલ હોત કે પ્રતીવાદીઓ નં.૧ થી ૯ નાઓએ કે તેમના એડવોકેટોએ ઉ.ત.માં પુછી શકયા હોત. પરંતુ આંક–૯૧ ની દસ્તાવેજવાળી જમીન સ.નં.૧૫૨/૧ માં કોઈ વહેંચણી ચાર બેનોની કરવામાં આવેલી નથી તેથી જયાં સુધી સંયુકત મીલ્કતની પાર્ટીશનની પ્રક્રીયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સંયુકત મીલ્કત સંયુકત જ ગણાય . અમો વાદી નં.૧ થી ૩ તથા સહ પ્રતીવાદી નં.૧ હયાત

હોવા છતાં અમો વાદીઓના સ્વ.પીતાશ્રી ચતરાજી મુળાજી માળીની વડીલોપાર્જીત સહીયારી મીલકત હડપ કરી જવા માટે ગામ નમુના નં.૬ ના હકક પત્રકે ચુનાજી મુળાજીનો વારસાઈ હકક કમી કર્યા વગર કે સ.નં.૧૫૨/૧ તથા સ.નં.૧૨૦ માં ચુનાજી મુળાજી માળીનું નામ કમી કર્યા વગર કે હકક જતો કર્યાની કોઈ નોંધ પાડયા વગર નોંધ નં.૨૮૨ આંક–૬૨ થી અનુ.નં.૨ થી પડાવી લીધેલ તે મીલકત સહીયારી વડીલોપાર્જીત કોપાર્સનરી મીલ્કત તેમજ વિભાજન કર્યા વગરની વહેંચણી કર્યા વગરની આવેલી હોઈ અમો વાદી નં.૧ થી ૩ ની સંમતી આપ્યા વગર નોંધ નં.૨૮૨ પડાવેલી છે. અને સ.નં.૧૨૦ માં સહપ્રતીવાદી નં.૧ ના પતિના નામે વાવવાના બહાને લખાણ લખાવી છળ કપટથી દગલબાજીથી વેચાણલેખ તા.૧૦/૫/૧૯૭૬ ના રોજ વાદી નં.૧ થી ૩ તેમજ સહ પ્રતીવાદી નં.૧ ના માતા સજનાબેન ચતરાજીએ સહપ્રતીવાદી નં.૧ ના પતી પરખાજી લાઘાજીના નામે અમો વાદીઓની સંમતી વગર લેખ અમારી વડીલોપાર્જીત મીલકત નો ગેરકાયદેસર લેખ કરી તેની નોંધ નં.૫૪૭ ગામ નમુના નં.૬ ના હકકપત્રકે તા.૧૦/૯/૧૯૭૬ ના રોજ પડેલી અને વાદી નં.૨ ના નામે વેચાણ દસ્તાવેજ સ.નં.૧૫૨/૧ કરાવી આપી અમારી માતા સજનાબેનને રકમ આપેલી નથી તેમજ હીન્દુ સકસેશન એકટ મુજબ સ્વ.ચતરાજી મુળાજી માળીની ચાર દીકરીઓ બબીબેન, પુરીબેન, ચકીબેન, અણસીબેન હયાત હોવા છતાં સ.નં.૧૨૦ તેમજ સ.નં.૧૫૨/૧ માં વિભાજન કર્યા વગર એકલી પુરીના નામે સ.નં.૧૫૨/૧ વેચાણ કરી નાખે નહી તેથી સ.નં. ૧૨૦ ના વેચાણ દસ્તાવેજના સાક્ષીઓ (૧) વકતાજી માલાજી માળી, (૨) એમ.આર.ઘાસુરા (૩) પુરીબેન ચતરાજી માળીને નામ.કોર્ટમાં સોગંદ ઉપર તપાસેલ નથી તેમજ માળી દલપતભાઈ ચમનાજી (૨) માળી જયંતીલાલ બાબુજી, રહે–શમશેરપુરા (૩) માળી લાલાજી ચમનાજી, રહે–રાણપુર ઉગમણોવાસ, તા.ડીસાને નામ.કોર્ટમાં સાહેદ તરીકે પ્રતીવાદીએ બોલાવી સોગંદ ઉપર તપાસેલ નથી. વેચાણનું સમર્થન કરવા માટે કાનુની જરૂરીયાત <u>છેકે,</u> તબદીલીથી લેનારાઓએ સાબીત કરવાની રહે છે. હિન્દુ સેકશન કાયદા મુજબ હિન્દુ સ્ત્રી ની મીલ્કત તેનાથી જન્મેલ દરેક સંતાનોને પ્રાપ્ત થાય છે.પ્રતીવાદી નં.૧ એ ચકીબેનને નામ. કોર્ટમાં બોલાવીને સોગંદ ઉપર તપાસેલ નથી કે વાવવાના નામે દસ્તાવેજ છળકપટથી કરી

વેચાણ લેખ અમોએ કરાવી લીધેલ નથી અને તેથી અવેજ વગરનો દસ્તાવેજ રદ કરી અમો વાદીઓને દાવાવાળી મીલ્કતમાંથી વિભાજન કરી અને ભાગે જે જમીન આવે છે તે જમીનનો હીસ્સો ઠરાવી કબજો સોપી આપવા રે.દી.મુ. નં.૫૧/૨૦૧૪ લાવેલા અને તે દાવો પ્રિમીચ્યુર તબકકે કાઢી નાખવામાં આવેલ અને તેની સામે રે.દી.મુ.નં.૮/૧૭ થી હાલ પેન્ડીંગ છે અને તે અપીલ મંજૂર થયા બાદ રે.દી.મુ.નં.૫૧/૧૪ ચાલવાપાત્ર પેન્ડીંગ છે. આ કામે પ્રતી.નં.૧ એ ઉ.ત.માં કબુલેલ છેકે, મારી માતાનું નામ ચકીબેન છે. એ વાત ખરી છેકે, બબીબેન, પુરીબેન અને અણસીબેન મારા માસી થાય છે. એ વાત ખરી છેકે, મારી માતા ચકીબેન અને આ ત્રણેય માસીઓ સ્વ.ચતરાજી મુળાજી માળીના સીધી લીટીના વારસો છે. એ વાત ખરી છેકે, ચતરાજીને કોઈ પુત્ર ન હતો. એ વાત ખરી છેકે, મારી માતાનું નામ સજનાબેન ચતરાજી મુળાજીનુ નામ ચાલતુ હતુ અને તેનો સ.નં.૧૨૦ હતો. એ વાત ખરી છેકે, પરખાજી લાધાજી ને મારા સીવાય બે દીકરીઓ છે. જેના નામ રમીલાબેન અને કમળાબેન છે. એ વાત ખરી છેકે, દાવાવાળી જમીન પ્રતીવાદી નં.૨ થી ૯ ને વેચાણ આપતાં વાદીઓ એ રે.દી.મુ.નં.૫૧/૨૦૧૪ થી દાવો દાખલ કરેલો અને તેમાં પંચનામું થયેલુ અને તે વખતે માત્ર ખોદકામ ચાલુ હતુ. આ કાામના વાદીએ આંક–૨૮ થી રીજોઈન્ડર સોગંદનામું રજૂ કરેલ છે. એ વાત ખરી છકે, તેમાં તમામ હકીકતો ખોટી છે તેવુ જણાવેલ છે. એ વાત ખરી છેકે,પુરીબેનને સજનબેને જે દસ્તાવેજ કરી આપેલો તે રૂા.૪,૦૦૦/– માં કર્યો અને મારા પીતાએ દસ્તાવેજ રૂા.૫,૦૦૦/– માં કરાવેલ. એ વાત ખરી છેકે, નોંધ નં.૧૪૪૪ માત્ર મારા નામ ઉપર પડેલી છે. એ વાત ખરી છેકે, અમોએ રે.દી.મુ.નં.૫૧/૧૪ માં બંને દીકરીઓ ની સહી દર્શાવેલ છે. અમોએ સ.નં.૧૨૦.બી ની એકર .૪–સાડા પાંચ ગુંઠા જમીન પ્રતીવાદી નં.૨ થી ૯ ને વેચી દીધેલી. એ વાત ખરી છેકે, તે વેચાણ દસ્તાવેજ રદ કરવાનો હાલનો દાવો ચાલે છે. એ વાત ખરી છેકે, પ્રતી.નં. ૬ અને ૭ હીતેન્દ્રભાઈ અને નવીનભાઈ મારા દીકરા થાય છે અને તેઓને પણ મે જમીન વેચાણ આપેલી છે. આ કામે વાદીએ નીચે મુજબના ચુકાદાઓ રજૂ રાખેલા છે.

(૧) સીવીલ અપીલ નં.ડાયરી નં.૩૨૬૦૧/૨૦૧૮ વિનીતા શર્મા વિ.રાકેશ શર્મા અને બીજા લાર્જર બેંચ ફેસલ તા.૧૧/૮/૨૦૨૦ (સુપ્રીમ કોર્ટ)

(૨) સીવીલ અપીલ નં.૫૧૭૭/૨૦૦૯ વિજય એ મીત્તલ વિ.કુલવંત રાયના લીગલ વારસદારો ફેંસલ તા.૨૮/૧/૨૦૧૯ (સુ.કો)
૨૦૧૯ (૩) સુ.કોર્ટ કેસીસ પેજ નં.૫૨૦

(૩) સીવીલ અપીલ નં.૫૧૨૪/૨૦૧૯ અર્શનુર સીગ વિ.હરપાલ કૌર અને બીજા ફેસલ તા.૧/૭/૧૯ (સુ.કો)

(૪) સીવીલ અપીલ નં.૫૪૧૫/૨૦૧૧ શ્યામ નારાયણ પ્રસાદ વિ.ક્રિષ્ણા પ્રસાદ અને બીજા ફેસલ, તા.૨/૭/૧૮ (સુ.કો)
૨૦૧૮ (૭) સુ.કોર્ટ કેસીસ પેજ નં.૬૪૬

(૫) ૧૯૭૦ (૩) સુ.કો.કે.પેજ નં.૭૨૨ ગની અને બીજા વિ.શાંતા બાલા દેવનાથ અને બીજા ફેસલ તા.૧૪/૧૦/૧૯૭૦

(૬) એ.આઈ.આર.૧૯૭૧ સુ.કો.પેજ નં.૧૦૨૮

(૭) એ.આઈ.આર.૨૦૦૨ સુ.કો.૨૦૬૮

(૮) ૨૦૧૧ (૨) સુપ્રિમ કોર્ટ સીવીલ રીપોર્ટસ પેજ નં.૪ થી ૧૫

(૯) ગુજ.લો.હેલ્ડ ૨૦૦૧(૩) પેજ નં.૫૫

(૧૦) ૨૦૧૪ સુપ્રિમ અપીલ રીપોર્ટર (સીવીલ) ૨૯ જે ચુકાદાઓ ૧ થી ૧૦ રજૂ રાખી વાદીનો હાલનો દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

૭.૨) આ કામે પ્રતીવાદી નં.૧ ના વિ.વશ્રીએ તેમની દલીલમાં જણાવેલ છેકે, રજીસ્ટર્ડ દસ્તાવેજ નં.૩૩૫૬, તા.૨૩/૬/૦૬ ના રોજનો વેચાણ દસ્તાવેજ રદ કરાવવા માટે હાલનો દાવો લાવેલ છે. પરંતુ આ દાવાના કામે વાદીએ કોઈ કબજો મેળવવાની દાદ માંગલી નથી. આમ, વાદીનો દાવો અધુરી દાદનો દાવો છે, જેથી આવી દાદ મંજુર થઈ શકે નહી. વાદગ્રસ્ત જમીન સ.નં.૧૨૦/૧ + ૨ + ૩ +૪ વાળી જમીન છે. અમો પ્રતીવાદી નં.૧ સંજનાબેન છત્રાજીના નામે ૧/૫ ભાગની તા.૫/૧૧/૬૫ ના રોજ આવેલી છે તેની નોંધ નં.૨૮૧ થી આંક–૬૨ થી આ કામે રજુ થયેલ છે. આ નોંધ આજની તારીખે અમલમાં છે અને તેની સામે કોઈ તકરાર નથી. આંક–૬૩ થી નોંધ નં.૫૪૭ તા.૧૦/૯/૧૯૭૬ ના

રોજની તા.૧૦/૫/૭૬ ના રોજ સંજનાબેન છત્રાજીએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી પ્રતીવાદી નં.૧ ના પીતાને વેચાણ આપેલ છે. ૫૪૭ ની નોંધ અને તા.૧૦/૫/૭૬ નું રજી. વેચાણ દસ્તાવેજ રદ કરાવવાનો વાદીનો કોઈ દાવો કે અપીલ નથી. સ.નં.૧૨૦ ની સાડા ચાર એકર જમીનના મારા પીતા તા.૧૦/૫/૭૬ ના રોજ સ્વતંત્ર માલીક અને કબજો ભોગવટેદાર બનેલા છે. નોંધ નં.૧૪૪૪ ની તા.૫/૯/૯૨ ના રોજ પ્રતી.નં.૧ ના પીતાએ પ્રતીવાદીને આ જમીન વહેંચણીમાં આપેલ છે. જે નોંધ અંગે કોઈ તકરાર નથી કે તે નોંધ રદ કરાવવાનો કોઈ દાવો નથી. પ્રતીવાદીએ આ ખેતીની જમીન બીન ખેતી કરાવવા કલેકટરશ્રી બનાસકાંઠા ને અરજી કરેલી. કુલ સાડા ચાર એકર જમીન પૈકી ૬૩૭૪ ચો.મી. યાને કે દોઢ એકર જમીન તા.૩/૬/૧૪ ના રોજ ખેતીની જમીનમાંથી બીન ખેતી કોલ્ડ સ્ટોરેજના હેતુ માટે કરાવવાનો હુકમ કરેલ છે. જેથી આ જમીન પ્રતીવાદી નં.૧ નાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૩૫૬ થી તા.૧૩/૬/૧૪ ના રોજ કબજા સાથે આ કામના પ્રતી.નં.૨ થી ૯ નાઓને વેચાણ આપી દીધેલ છે. આ જમીનને તા.૧૩/૬/૧૪ થી આ મીલ્કતનાં પ્રતી નં.૨ થી ૯ ના રેકર્ડ ઉપરના માલીક છે. તા.૧૩/૬/૧૪ ના રોજ આખી જમીન ઉપર કોઈ પણ પ્રકારનો દાવો કે કોઈ પણ પ્રકારનું લીટીગેશન ચાલતુ ન હતુ. તા.૧૭/૬/૧૪ ના રોજ રે.દી.મુ.નં.૫૧/૧૪ નો દાવો વાદીઓએ દાખલ કરેલો છે જે કાયમી મનાઈ હુકમ કબજો અને વહેંચણીનો દાખલ કરેલો તે દાવો નામ.કોર્ટે તા.૨૦/૧૨/૭૬ ના રોજ રદ કરેલો. પ્રતી.નં.૧ ના શુધ્ધબુધ્ધિપુર્વકના માલીક હતા અને તે વેચાણ દસ્તાવેજની ચેલેન્જ કર્યા વગર હાલ ના પ્રતી.નં.૨ થી ૯ નાનો વેચાણ દસ્તાવેજ રદ કરાવવા હાલનો દાવો લાવેલ છે. વાદીએ સૌ પ્રથમ પ્રતી.નં.૧ નાએ કરાવેલ વેચાણ દસ્તાવેજ રદ કરાવવો જોઈએ. અને ત્યાર બાદ હાલનો વેચાણ દસ્તાવેજ રદ કરાવવો જોઈએ. આ કામે આંક–૨૫ થી પ્રતી.નં.૧ નાએ જવાબ રજૂ કરેલ છે તેમજ આંક–૩૦ થી મુદ્દા ઘડેલ છે. દાવાવાળી મીલ્કત આંક–૬૨ થી વાદીના નામે સને–૧૯૬૫ થી આવેલ છે અને સને–૧૯૬૨ માં વેચાણ દસ્તાવેજ રદ ખરીદેલ છે અને તેણે વેચાણ દસ્તાવેજથી વેચેલ છે. તેથી આ મીલ્કતને અનડીવાઈડીડ મીલકત કહેવાય નહી. આંક–૬૩ થી નોંધ પડેલ છે તે વેચાણ દસ્તાવેજની નોંધ છે. આ નોંધ અને વેચાણ દસ્તાવેજ આજની તારીખે પણ અમલમાં

છે. જેથી પ્રતી.નં. ૨ ની હકીકત પ્રતી. નં.૧ નાએ પુરવાર કરેલ છે.સને–૧૯૬૨ થી આ જમીન બેનના નામે થયેલ છે અને ૫૯ વર્ષ પછી હાલનો દાવો લાવેલ છે. માલીકીનો દાવો હોય તો ૧૨ વર્ષમાં દાખલ કરવો જોઈએ. આ કામે અપીલ નં.૬૯/૨૦૧૪ થી આર.ટી.એસ. અપીલ રજૂ કરેલ જે નાયબ કલેકટરમાં ચાલુ છે તો અપીલની નોંધ તા.૧૨/૨/૧૫ ના રોજ કાઢી નાખવાનો હુકમ કરેલ છે. નોંધ નં.૪૪૦૩ ની નોંધ છે જે વાદગ્રસ્ત દસ્તાવેજની છે. આર.ટી. એસ. અપીલ નં.૧૩૭/૧૪ ની અપીલનો હુકમ આંક–૯૫ થી રજૂ કરેલ છે. જે અપીલ ગુણ દોષ ઉપર ના મંજુર કરેલ છે. આર.ટી.એસ.ના હુકમ સામે કલેકટરશ્રી બનાસકાંઠા સમક્ષ રીવીઝન ૧૫૧/૧૫ ની કરેલી જે આ કામે આંક– ૯૬ થી રજૂ કરેલ છે તેમજ રીવીઝન ૧૫૨/ ૧૫ ની અને ૨૨૦/૧૫ ની ત્રણેય રીવીઝનો ના મંજુર કરેલ છે. જે આંક–૯૭ અને આંક– ૯૮ ની નકલો રજૂ થયેલ છે. કલેકટરશ્રીના હુકમ સામે વાદીઓએ કોઈ અપીલ કે અરજી કરેલી નથી. જેથી નોંધ નં.૨૮૨ અને ૫૪૭ તથા ૪૪૦૩ ની નોંધો આજની તારીખે અમલમાં છે. આ નોંધોની સામે કોઈ અપીલ રીવીઝન કે દાવો પેન્ડીંગ નથી. આર.સી.એસ.નં.૫૧/૧૪ ના દાવાની સામે આર.સી.એ. ૮/૧૭ થી દાખલ કરેલ જે અપીલ રીમાન્ડ કરેલી અને તે દાવો નામ. મકરાણી સા.ની કોર્ટમાં ચાલુ છે. તેમાં કોઈ મનાઈ હુકમ નથી. જો તે વાદીનો દાવો મંજૂર થશે તો ઓટોમેટીક આપોઆપ બધુ રદ થશે. જયાં સુધી આ મીલ્કતમાં વાદીનો માલીકી હકક છે તેવુ પુરવાર થાય નહી ત્યાં સુધી આવો વેચાણ દસ્તાવેજ રદ થઈ શકે નહી. પ્રતીવાદી નં.૧ માલીક હતા તે વેચાણ દસ્તાવેજ રદ કરાવવુ જોઈએ. વાદીએ રે.દી.મુ.નં.૫૧/૧૪ ના દાવામાં પણ કોઈ દાદ માંગેલી નહી. આંક–૧૦૦ થી વાદીએ સોગંદનામું મામલતદારશ્રી સમક્ષ કરી આપેલ છે. હાલના બીન ખેતી થયેલ પ્રતી.નં.ર થી ૯ નાએ વેચાણ દસ્તાવેજથી ખરીદેલ જમીન બાબતે બબીબેનને કોઈ વાંધો તકરાર નથી. આંક–૬૨ ની નોંધમાં સ.નં. (૧)૧૨૦ અને ૧૫૨/૧ લખેલા છે. આંક–૯૧ વાળો વેચાણ દસ્તાવેજ સ.નં.૧૫ર વાળી મીલ્કતનો વેચાણ દસ્તાવેજ વાદી નં.ર નાએ ખરીદ કરેલ છે. આંક–૯ર થી આંક–૧૨૦ વાળી પ્રતી.નં.૧ ના પીતાએ વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ તે વેચાણ દસ્તાવેજમાં વાદી નં.ર નું સાક્ષી તરીકે નામ છે. જેથી વાદી નં.ર ને સને–૧૯૭૬ માં વેચાણ દસ્તાવેજ થયેલાની

જાણ છે. જેથી ૪૦ વર્ષ બાદ હાલનો દાવો વાદી નં.૨ ના લાવેલ છે. વાદી નં.૨ નાએ તા.૦૫/૮/૯૮ ના રોજ આંક–૯૩ થી માળી દલપતકુમાર ચમનાજીને મીલ્કત વેચાણ આપેલ છે. આ દાવાવાળી મીલ્કતમાં વાદી ઓએ સ.નં.૧૫૨/૧ વાળી મીલ્કતમાં કોઈ દાવો દાખલ કેરલ નહી. આ કામે આંક–૪૧ ની ઉ.ત. ધ્યાને લેવા અરજ કરેલ છે. વાદીએ તેના દાવાના કારણમાં પણ દાવો સમય મર્યાદામાં છે તેવુ કોઈ જગ્યાએ વર્ણવેલ નથી. પ્રતી.નં.૧ નાએ આંક–૨૫ થી અને પ્રતીવાદી નં.૨ થી ૯ નાઓએ આંક–૨૩ થી જવાબ રજૂ કરેલ છે તે ધ્યાને લેવા અરજ કરેલ છે. આ કામે પ્રતી.નં.૨ થી ૯ નાએ વધુમાં જણાવેલ છેકે, તેઓ કોર્ટ સ્ટેમ્પના માલીક છે અને આજની તારીખે કોસ્ટોજની રૂા.એક કરોડની લોન બાકી છે.

## (૮) <u>*પુરાવાનુ મુલ્યાંકન તથા નિર્ણય ઉપર આવવાના કારણોઃ–*</u>

૮.૧) આ કામે આંક–૪૧ થી વાદી નં.૧ બબીબેન કાળાભાઈનું સી.પી.સી.ઓ.૧૮, રૂલ–૪ મુજબનું પુરાવાનું સોગંદનામું રજૂ કરેલ છે. તેમાં તેઓએ તેમની દાવા અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતો પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે. આ સાહેદે તેમની ઉ.ત.માં કબુલેલ છેકે, અમો ચાર બહેનો છીએ. મારા પીતાજી ચાલીસેક વર્ષ પહેલા ગુજરી ગયેલા છે. એ વાત ખરી છેકે, મારા પીતાજીને ગુજરે પચાસ વર્ષ જેવો સમય થયેલ છે. એ વાત ખરી છેકે, તેઓ હયાત હતા ત્યારે તેમણે સ.નં.૧૨૦ અને સ.નં.૧૫૨ વાળા ખેતરો આવેલા હતા. એ વાત ખરી છેકે, એ વખતે મારા પીતાજીના મરણ બાદ મારી બહેનો સગીર હોઈ આ બંને જમીન મારા માતૃશ્રી સંજનાબેન ચતરાજીના નામે આવેલ. એ વાત ખરી છેકે, આ જમીન માં ખેતી પણ મારી બા કરતા હતા અને ખેતીની આવકમાંથી અમારૂ ગુજરાન ચલાવતા હતા. એ વાત ખરી છેકે,આ બંને જમીનમાં બોર આવેલ ન હોઈ ચોમાસુ આધરીત પાક થતો. એ વાત ખરી છેકે,૧૯૭૬ થી પરખાજી લાઘાજી આ જમીન સ.નં.૧૨૦ વાળી વાવતા ખેડતા હતા. એ વાત ખરી છેકે, ગામવાળી સ.નં.૧૫૨ વાળી જમીન મારા બેન પુરીબેન (વાદી નં.૨) ખેડતા વાવતા હતા. એ વાત ખરી છેકે, મારી માતાનું ભરણપોષણ પુરીબેન કરતા હતા. એ વાત ખરી છેકે, સને–૧૯૯૨ થી પરખાજીના પુત્ર ચનુ પરખાજી ખેડે વાવે છે. એ વાત ખરી છેકે,

સ.નં.૧૫૨ વાળી જમીન પુરીબેનના ખાતે આવેલ છે. એ વાત ખરી છેકે, લગ્નનો તેમજ હર કોઈ વ્યવહાર મારા માતૃશ્રી પુરીબેન સાથે કરતા. એ વાત ખરી છેકે, પરખાજીને કરી આપેલ વેચાણ દસ્તાવેજમાં સાક્ષી તરીકે પુરીબેને સહી કરેલી મે કરેલી ન હતી. એ વાત ખરી છેકે, પુરીબેન સ.નં.૧૫૨ વાળી જમીન દલપત ચમનાજી માળીને વેચેલી. એ વાત ખરી છેકે, મે સ.નં.૧૫૨ માં કોઈ ભાગ માંગવા દાવો કરેલ નથી. એ વાત ખરી છેકે, મને એવી ખબર પડેલ કે, મનુભાઈએ કોલ્ડ સ્ટોરેજ માટે જમીન બીન ખેતીમાં ફેરવેલ છે. એ વાત ખરી છેકે, બીન ખેતીમાં જમીન ફેરવવા સામે કલેકટરમાં કોઈ વાંધા અરજી આપેલ નથી. એ વાત ખરી છેકે, પછી કોલ્ડ સ્ટોરેજવાળાઓએ વેચાણ દસ્તાવેજથી આ જમીન લીધેલી. એ વાત ખરી છેકે, દોઢ એકર કોલ્ડ સ્ટોરેજ માટે જમીન મનુભાઈએ વેચેલી બાકી જમીન પડેલી છે. એ વાત ખરી છેકે, દોઢ એકર જમીન કોલ્ડ સ્ટોરેજના કબજા ભોગવટામાં છે અને કોલ્ડ સ્ટોરેજ બની ગયેલ છે. એ વાત ખરી છેકે, વેચાણ દસ્તાવેજ થયો ત્યાં સુધી અને તે પહેલા બીન ખેતીમાં જમીન ફેરવાયેલી ત્યાં સુધી કોઈ દાવો કરેલ ન હતો. એ વાત ખરી છેકે, મારે કોલ્ડ સ્ટોરેજ વાળી જમીન પુરતુ કોઈ વાદ વિવાદ નથી પરંતુ મનુભાઈ પાસે જમીન છે તેમાંથી ભાગ લેવાનો છે. એ વાત ખરી છેકે,મે આ દાવા સિવાય બીજો દાવો કરેલ છે, જે ભાગ બાબતનો છે. એ વાત ખરી છેકે, પુરીબેનના ભાગે સ.નં.૧૫૨ વાળી જમીન આવેલાની હકીકત મારા દાવામાં જણાવેલ નથી. એ વાત ખરી છેકે, મારી દાવા અરજીમાં મારા પીતા પાસે બે સર્વે નંબરવાળા ખેતર હતા તેવુ પણ જણાવેલ નથી. આ સાહેદને સુચક પ્રશ્નો પુછવામાં આવેલા તેનો તેઓએ ઈન્કાર કરેલ છે.

૮.૨) આ કામે આંક–૫૩ થી વાદી નં.૨ પુરીબેન ચતરાજી નાઓએ સી.પી.સી.ઓ. ૧૮, રૂલ–૪ મુજબનું પુરાવાનું સોગંદનામું રજૂ કરેલ છે. તેમાં તેઓએ તેમની દાવા અરજીમાં જે હકીકતો જણાવેલી છે તે હકીકતો પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે. આ સાહેદે તેની ઉ.ત.માં કબુલેલ છેકે, એ વાત ખરી છેકે, સ.નં.૧૫૨ વાળી જમીન મે દલપતકુમાર ચમનાજી ને વેચાણ આપી દીધેલ છે. એ વાત ખરી છેકે, તે જમીન પૈકી હે.આરે.૦–૬૩–૭૪ ચો.મી. કોલ્ડ સ્ટોરેજ માટે બીન ખેતીમાં મનુભાઈએ ફેરવેલ છે. એ વાત ખરી છેકે, આ કોલ્ડ સ્ટોરેજ

વાળી બીન ખેતીની જમીન મનુભાઈ પરખાજીએ પ્રતી.નં.૨ થી ૯ વાળાને તા.૧૩/૬/૧૪ થી વેચાણથી આપેલી છે.એ વાત ખરી છેકે,હાલ તે જમીન ઉપર કોલ્ડ સ્ટોરેજ ઉભેલ છે તે જમીન વેચાણ કરેલ તયારે અગાઉ કોઈ દાવો કરેલ ન હતો. એ વાત ખરી છેકે, કોલ્ડ સ્ટોરેજવાળી જગ્યાનું વેચાણ થયેલ તેની જાણ અમોને થતાં અમોએ સ.નં.૧૨૦ વાળી જગ્યામાં ભાગ માંગવા તા.૧૭/૬/૧૪ ના રોજ રે.દી.મુ.નં.૫૧/૨૦૧૪ દાખલ કરેલ છે. એ વાત ખરી છેકે, રે.દી.મુ.નં.૫૧/૧૪ દાખલ કરેલ છે. એ વાત ખરી છેકે, રે.દી.મુ.નં.૫૧/૧૪ નામ.કોર્ટે કાઢી નાખેલ છે. એ વાત ખરી છેકે, સને–૧૯૭૫ ની સાલમાં મારી માતાએ સ્વ.પરખાજી લાધાજી ને કરી આપેલ દસ્તાવેજ રદ કરાવવા માટે કોઈ દાવો લાવેલ નથી. એ વાત ખરી છેકે, ૧૯૭૫ માં થયેલ વેચાણ દસ્તાવેજની રેવન્યુ નોંધ અંગે અમોએ કોઈ જગ્યાએ તે નોંધ ચેલેન્જ કરેલ નથી અને સ.નં.૧૨૦ વાળી પરખાજી લાધાજીએ મનુજી પરખાજીને વહેંચણીથી આપેલ જેની નોંધ નં.૧૪૪૪ પડેલ તેની સામે પણ અમોએ કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છેકે, આ કોલ્ડ સ્ટોરેજ સીવાય જમીન હાલ પ્રતી.નં.૧ ના કબજા ભોગવટામાં છે અને તેઓ ખેડે વાવે છે. એ વાત ખરી છેકે, કોલ્ડ સ્ટોરેજવાળી જમીન બીન ખેતી થયેલી છે તે બીન ખેતી નો નોંધનો હુકમ પણ અમોએ કોઈ જગ્યાએ ચેલેન્જ કરેલ નથી.એ વાત ખરી છેકે, દાવાવાળી જમીનો સંજનાબેનના ખાતે સને–૧૯૬૫ ની સાલથી આવેલ છે. એ વાત ખરી છેકે, છેલ્લા ૪૦ વર્ષથી મને એ વાતની ખબર છેકે, દાવાવાળી જમીન સંજનાબેનના નામે આવેલ હતી. એ વાત ખરી છેકે, સને–૧૯૭૫ ની સાલથી દાવાવાળી જમીનો પરખાજી લાધાજીના કબજા ભોગવટામાં આવેલી હતી. એ વાત ખરી છેકે, સ.નં.૧૨૦ ની કોલ્ડ સ્ટોરેજવાળી જમીન અંગે હાલનો દાવો દાખલ કર્યા સીવાય અમોએ કોઈ જગ્યાએ વાંધો તકરાર લીધેલ નથી. આ સાહેદ ને સૂચક પ્રશ્નો પુછવામાં આવેલા તેનો તેઓએ ઈન્કાર કરેલ છે.

૮.૩) આ કામે અંક–૬૧ થી અણસીબેન મણાજી કસ્તુરજી ગેલોતનું સી.પી.સી. ઓ.૧૮, રૂલ–૪ મુજબનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. તેમાં તેઓએ હાલના દાવાની હકીકતનો સમર્થનકારી તેમજ દાવામાં જણાવેલ હકીકતોનું વર્ણન કરેલ છે. આ સાહેદે તેની ઉ.ત.માં કબુલેલ છેકે, મારી નાની સજનાબેનના ખાતે માલગઢ મુકામેની સ.નં.૧૨૦ અને

૧૫૨/૧ વાળી જમીન આવેલ હતી. એ વાત ખરી છે કે, તે જમીન નોંધ નં.૨૮૨, તા.૫/૧૧/૧૯૬૫ ના રોજ મારા નાનીના નામે દાખલ થયેલી. એ વાત ખરી છે કે, વાદીએ ૧૯૬૫ માં મારો જન્મ પણ થયેલ ન હતો. એ વાત ખરી છે કે, નાયબ કલેકટર ડીસાના હુકમ સામે મે કલેકટર બનાસકાંઠા સમક્ષ નોંધ નં.૨૮૨ રદ કરાવવા રીવીજન દાખલ કરેલી. એ વાત ખરી છે કે, કલેકટર ઘ્વારા રીવીજનના કામે કરેલ હુકમ સામે મે સચિવમાં કોઈ અપીલ દાખલ કરેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૬૩ થી મે આ વેચાણ દસ્તાવેજ પ્રમાણીત કરતી નોંધ નં.૫૪૭, તા.૧૦/૯/૭૬ વાળી રજૂ કરેલ છે. એ વાત ખરી છે કે, મે આંક–૬૩ થી રજુ કરેલ નોંધ નં.૧૪૪૪, તા.૫/૯/૯૨ થી માળી પરખાજી લાઘાજીએ તેમના પુત્ર મનુભાઈને ભાગે આપેલી. એ વાત ખરી છે કે, નોંધ નં.૧૪૪૪ રદ કરાવવા મે કલેકટરમાં રીવીજન કરેલી અને તે રીવીજન પણ ના મંજૂર થયેલી છે. એ વાત ખરી છે કે, કલેકટરના હુકમ સામે સચિવમાં અપીલ કરેલી નથી. એ વાત ખરી છે કે, સ.નં.૧૫૨ વાળી જમીન મારી નાની સજનાબેને મારી માસી પુરીબેનને આપી દીઘેલી છે. એ વાત ખરી છે કે, મારી સાથે પુરીબેને પણ હકક માંગવા હાલનો દાવો કરેલ છે. એ વાત ખરી છે કે,પુરીબેને પણ સ.નં.૧૫૨ વાળી જમીન દલપતજી ચમનાજીને વેચાણ આપી દીઘેલ છે. એ વાત ખરી છે કે, સ.નં.૧૫૨ વાળી જમીન સંદર્ભે થયેલ વેચાણ દસ્તાવેજ રદ કરાવવા મે કે પુરીબેને કોઈ દાવો કરેલ નથી. એ વાત ખરી છે કે, મે સ.નં.૧૨૦ માં હીસ્સો મેળવવા માટે રે.દીવાની મુકદમા નં.૫૧/૨૦૧૪ થી દાવો દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, આ જમીન ઉપર હાલ કોલ્ડ સ્ટોરેજ બનાવવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આ જમીન ઉપર કોલ્ડ સ્ટોરેજ બની ગયુ ત્યાં સુઘી અમે કોઈ કોર્ટ કાર્યવાહી કરેલ ન હતી. એ વાત ખરી છે કે, કલેકટરના હુકમ સામે સચીવમાં કોઈ રીવીજન અરજી દાખલ કરેલ ન હતી. એ વાત ખરી છે કે, મારી માસી બબીબેને કોર્ટમાં સોગંદનામું કરી આ બીનખેતીની જમીન સંદર્ભે તેણીને કોઈ તકરાર નથી તેવી જાહેરાત કરી છે. એ વાત ખરી છે કે, આ સોગંદનામું મામલતદાર રૂબરુ કોમ્પ્યુટર ઉપર ફોટો પાડીને કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, મારી મમ્મીના લગ્ન વખતે લગ્નનું તમામ ખર્ચ તેમજ કરીયાવરનો સર સામાન મારી નાની સજનાબેને આપેલ હતો. એ વાત ખરી છે કે, મારી મમ્મી

અને માસીઓને મારા નાના ગુજરી ગયા બાદ મારી નાનીએ ભરણપોષણ કરીને મોટા કરેલ છે. એ વાત ખરી છે કે, મારી નાની સજનાબેનના ખાતે સ.નં.૧૨૦ અને ૧૫૨ આવી તેના ૬૦ વર્ષ સુધી અમે કોઈ દાવો કે કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે, સજનાબેને પરખાજીને સ.નં.૧૨૦ પૈકી વાળી જમીન વેચાણ કર્યાને ૪૦ વર્ષ જેટલો સમય થયા બાદ હાલનો દાવો દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે,સ.નં.૧૨૦ પૈકી વાળી જમીન ૪૦ વર્ષથી પરખાજી ખેડતા હતા.એ વાત ખરી છે કે,સ.નં.૧૨૦ પૈકી વાળી જમીન પરખાજી ખેડતા હતા ત્યારે અમોએ તેઓને આ જમીન કેમ ખેડો છો, આ જમીન તો અમારી છે તેવુ આજ દીન સુધી પુછેલ ન હતુ. એ વાત ખરી છે કે,સ.નં.૧૨૦ પૈકી વાળી જમીનના ખાતાના ઉતારા પણ પરખાજીના નામે થઈ ગયેલ હતા. આ સાહેદને સુચન પ્રશ્નો પુછવામાં આવેલા તેનો તેણે ઈન્કાર કરેલ છે.

૯) આ કામે પ્રતિવાદી નં.૧ થી મનુભાઈ પરખાજી માળીએ આંક–૭૨ થી સી.પી.સી.ઓ.૧૮, રૂલ–૪ મુજબનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે તેમા તેઓએ તેમના દાવાના જવાબમાં જે હકીકત જણાવેલ છે એજ હકીકત પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે. આ સાહેદે તેમની ઉ.ત.માં કબુલેલ છેકે, મારી માતાનું નામ ચકીબેન છે. એ વાત ખરી છેકે, બબીબેન ,પુરીબેન અને અણસીબેન મારા માસી થાય છે. એ વાત ખરી છેકે, મારી માતા ચકીબેન અને ત્રણે માસીઓ સ્વ.ચતરાજી મુળાજી માળીના સીધી લીટીના વારસો છે. એ વાત ખરી છેકે, ચતરાજીને કોઈ પુત્ર ન હતો. એ વાત ખરી છે કે મારી નાનીનું નામ સજનાબેન ચતરાજી માળી છે. એ વાત ખરી છે કે પ્રમોલગેશન વખતે ૯૧ નંબરની નોંધમાં ચતરાજી મુળાજીનુ નામ ચાલતુ હતુ અને તેનો સર્વે નં. ૧૨૦ હતો. એ વાત ખરી છે કે પરખાજી લાધાજીને મારા સિવાય બે દિકરીઓ છે જેના નામ રમીલાબેન અને કમળાબેન છે.આ જમીન પ્રતિ. નં. ૨ થી ૯ ને વેચાણ આપતા વાદીઓએ રે.દિ.મુ. નં. ૫૧/૧૪ થી દાવો દાખલ કરેલો. એ વાત ખરી છે કે તે દાવાના કામે પંચનામુ થયેલુ અને તે વખતે માત્ર ખોદકામ ચાલુ હતુ. એ વાત ખરી છે કે મે સોગંદનામાના બીજા ફકરામાં પ્રતિ. નં. ૧ વાળા તથા નં. ૨ થી ૯વાળાએ આ કામના વાદીઓને દાવા અરજીનો વિગતવાર જવાબ આપેલ છે

અને તે જવાબ સાચો છે તેમ જણાવેલ છે અને તેમાં આ કામના વાદીઓએ કોઈ કાઉન્ટર જવાબ આપેલ નથી કે વાદીઓના સરતાપસના સોગંદનામામાં પણ એવુ કોઈ પણ જગ્યાએ વાદીઓએ જણાવેલ નથી કે પ્રતિવાદીઓ દ્ધારા આપવામાં આવેલ દાવા જવાબ ખોટો છે. એ વાત ખરી છેકે, પુરીબેનને સજનાબેને જે દસ્તાવેજ કરી આપ્યો તે રૂા.૪૦૦૦/– માં કર્યો અને મરા પીતા એ દસ્તાવેજ રૂા.૫૦૦૦/– માં કરાવેલ. એ વાત ખરી છેકે, નોંધ નં.૨૮૨ એક તરફી પડેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છેકે, નોંધ નં. ૧૪૪૪ માત્ર મારા નામ પર ચડેલી છે. એ વાત ખરી છેકે,અમોએ રે.દી.દાવા નં.૫૧/૨૦૧૪ માં બંને દીકરીઓને સહ–પ્રતીવાદી દર્શાવેલા છે. એ વાત ખરી છેકે, અમોએ સ.નં.૧૨૦ બી ની ચાર એકર અને સાડા પાંચ ગુઠા જમીન પ્રતી.નં.ર થી ૯ ને વેચી દીધેલી. એ વાત ખરી છે કે તે વેચાણ દસ્તાવેજ રદ કરવાનો હાલનો દાવો ચાલે છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નંઈ ૬ અને ૭ હીતેન્દ્ર્રભાઈ અને નવિનકુમાર મારા દિકરા થાય છે અને તેઓને પણ મે જમીન વેચાણ આપેલ છે. નરસીંહભાઈ કાળાભાઈ એ બબીબેનનો દિકરો છે. આ સાહેદને સુચક પ્રશ્નો પુછવામાં આવેલા તેનો તેઓએ ઈન્કાર કરેલ છે.

૯.૧) આ કામે આંક–૧૦૧ થી પ્રતીવાદી નં.૩ માળી(ગેલોત) વસંતકુમાર મગાજીનું સી.પી.સી.ઓ.૧૮, રૂલ–૪ મુજબનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. તેમા તેઓએ તેમના દાવાના જવાબમાં જે હકીકત જણાવેલ છે એજ હકીકત પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે. આ સાહેદે તેમની ઉ.ત.માં કબુલેલ છેકે, આ કામના વાદી અને પ્રતીવાદીઓ એક જ સમાજના છે. એ વાત ખરી છેકે, હુ મનુજી પરખાજીને ઓખળુ છુ. એ વાત ખરી છકે, મનુભાઈના બંને દીકરાઓ પણ કોલ્ડ સ્ટોરેજમાં અમારી સાથે ભાગીદાર છે. એ વાત ખરી છેકે, આ જગ્યા અમોએ મનુભાઈ પરખાજી પાસેથી વેચાણ લીધેલી. એ વાત ખરી છકે, રે.દી.મુ.નં.૫૧/૧૪ માં પંચનામામાં એવુો રેકર્ડ પર આવેલ છેકે, સ્થળ પર કોલ્ડ સ્ટોરેજ માટે પાયા ખોદેલા છે. એ વાત ખરી છકે, આ દાવાના કામે અમોએ કોઈ ટાઈટલ કલીયરન્સ રજૂ કરેલ નથી. આ સાહેદને સુચક પ્રશ્નો પુછવામાં આવેલા તેનો તેઓએ ઈન્કાર કરેલ છે.

૧૦) <u>મુદ્દા નં.૧</u> :–

આ કામે રજુ થયેલ પુરાવો તથા સમગ્ર રેકર્ડ તથા દલીલો ધ્યાનમાં લેતા, આ કામે આંક–૬૨ થી નોંધ નં.૯૧ મુળ ખાતેદાર માળી મુળાજી કરશનજીના ખાતે ચાલતી જમીન વારસા હકકથી માળી ધનાજી મુળાજી, ચતરાજી મુળાજી, ચુનાજી મુળાજી તથા ગીગાજી મુળાજી તથા તથા નારણા ધનાજીના સામુચીક કબજા મુજબ નોંધ નં.૯૧ થી પ્રમોલગેશનથી આવેલ છે. તેમજ નોંધ નં.૨૮૨ ની નોંધ તા.૧૮/૨/૬૬ ના રોજ આપસમાં વહેંચણી અંગેની મળી ચુનાજી ચતરાજી ગુજરતા નારણાજી દાનાજી, ગીગાજી મુળાજી તથા સજનાબેન ચતરાજીના ભાગે વહેંચણી પ્રત્યક્ષ કબજા મુજબ સ્ટેટમેન્ટના આધારે સીધી લીટીના વારસો વચ્ચે વહેંચણી કર્યાની નોંધ તા.૧૮/૨/૧૯૬૬ ના રોજ પડેલી છે. આ કામે આંક–૯૧ થી સજનાબેન ચતરાજી માળીએ પુરીબેન ચતરાજી માળીને તા.૧૦/૫/૭૬ ના રોજ વેચાણ દસ્તાવેજથી એકર.૪, ૧૬ ગુંઠા જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે જે તેમના ભાગે આવેલ મીલ્કતનો દસ્તાવેજ કરી આપેલ છે. આ કામે આંક–૯૨ થી દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ તા.૧૦/૫/૭૬ ના રોજનો રજૂ થયેલ છે તેમાં વેચાણ આપનાર સજનાબેન ચતરાજી અને વેચાણ લેનાર પરખાજી લાધાજી છે. અને આ દસ્તાવેજમાં સાહેદ તરીકે પુરીબાઈ ચતરાજીનું અંગુઠાનું નીશાન થયેલ છે. કોઈ મીલકત વડીલોપાર્જીત મીલ્કત ત્યારે કહેવાય કે આવી મીલ્કત સતત ત્રણ સુધી કોઈ પણ રીતે વિભાજન થયેલ ન હોય અને સતત વારસોના નામે ચાલતી આવતી હોય ત્યારે તે મીલ્કત વિભાજન મીલ્કત કહેવાય. જયારે હાલના કેસમાં વાદીઓના પીતા ચતરાજીનું અવસાન થતા દાવાવાળી મીલ્કતની વહેંચણી નોંધ નં.૨૮૨ થી તા.૧૮/૨/૧૯૬૬ ના રોજ વહેંચણી થયેલ છે. જેથી દાવાવાળી મીલકત વડીલોપાર્જીત અને વણવહેંચાયેલી કહેવાય નહી. આ કામે આંક–૯૧ ના દસ્તાવેજ થી પુરીબેન જે હાલના દાવાના વાદી નં.૨ છે. તેઓએ જે મીલ્કત સને–૧૯૭૬ માં ખરીદ કરેલી તે મીલ્કત તેઓએ સને–૧૯૯૮ માં આંક–૯૩ ના વેચાણ દસ્તાવેજથી દલપતભાઈ ચુનાજીને વેચાણ દસ્તાવેજ નં.૨૫૪૮ થી તા.૦૬/૮/૯૮ ના રોજ વેચાણ આપેલ છે. તેમજ આ કામના વાદીઓએ હાલનો દાવો તા.૨૩/૯/૧૪ ના રોજ દાખલ કરેલ છે. જયારે આજ

કામના વાદીઓએ આના અગાઉ રે.દી.મુ.નં.૫૧/૧૪ નો દાવો તા.૧૬/૬/૧૪ ના રોજ દાખલ કરેલ છે. હાલના દાવાના તેમજ રે.દી.મુ.નં.૫૧/૧૪ ના દાવાના તમામ પક્ષકારો એક સરખા છે. માત્ર રે.દી.મુ.નં.૫૧/૧૪ ના દાવામાં પ્રતીવાદી નં.૪ અને ૫ તરીકે ડેપ્યુટી મામલતદાર અને મામલતદાર પક્ષકાર બનાવેલ છે. વાદીએ અગાઉ રે.દી.મુ.નં.૫૧/૧૪ નો દાવો દાખલ કરેલ તેજ દાવાની સામે તેઓએ આર.સી.એ.અપીલ નં.૮/૧૭ ની દાખલ કરેલ તે અપીલના કામે હાલના દાવાના તમામ પક્ષકારો છે તો વાદીએ હાલનો દાવો જે દસ્તાવેજને રદ બાતલ ઠરાવવાની દાદ માટે લઈ આવેલ છે તેવી દાદ તેઓએ રે.દી.મુ.નં.૫૧/૧૪ ના દાવામાં માંગી શકતા હતા. આ કામે પ્રતીવાદી નં.૧ નાએ દાવાવાળી મીલકત આંક–૯૨ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી પુરતો અવેજ આપી ખરીદ કરેલ છે.

આ કામે વાદીએ રજૂ કરેલ ચુકાદાઓને ધ્યાને લઈએ તો, અને કેસની હકીકતો ધ્યાને લઈએ તો, સ્થાપિત ગુણોત્તર સંબંધી નામ. સર્વોચ્ચ અદાલતે સ્થાપિત કરેલા સિધ્ધાંતો જોવામા આવે તો ૨૦૧૦(૩) ગુજરાત લો હેરાલ્ડ પાના નં. ૨૮૧ મુંબઈ ઈન્ટરનેશન એરપોર્ટ વિરૂધ્ધ રીજન્સી કન્વેન્શન સેન્ટર ના કેસમા હેડનોટ '' સી ''જોવામા આવે તો તે નીચે મુજબ છે.

(C) Precedents-Interpretation of Judgments:--

> It was observed that every judgment must be governed and qualified by the particular facts of the case in which such expressions are to be found; that a little difference in facts or additional facts may make a lot of difference in the precedential value of a decision and that even a single significant detail may alter the entire aspect; that there is always peril in treating the words of a judgment as though they were words in a legislative enactment, and it is to be remembered that judicial utterances are made in the setting of the facts of a particular case.

એ હકીકતની નોંધ લેવી ઘટે કે નામ.સર્વોચ્ચ અદાલતના ઉપરોકત સિધ્ધાંતને લક્ષમાં લેતા દરેક કેસમા કવોલીફાઈડ થયેલી હકીકતોના આધારે જે તે કેસનો નિર્ણય કરવામા આવલ હોય, જેથી હકીકતોના સંદર્ભમા સહેજ માત્ર પણ ફેરફાર હોય તો કેસના ચુકાદાના ગુણોત્તર મા સમગ્ર બાબતમા ફેર પડી શકે છે. દરેક કેસ પોતાની આગવી હકીકતો ઉપર આધારીત હોય છે ત્યારે અક્ષરશ: ગુણોત્તર લાગુ પડે છે તેમ કહી શકાય નહીં. જેથી વાદી તરફથી રજુ થયેલા ચુકાદાઓ આ કેસની હકીકતો સાથે સુસંગત થતા નથી. તેથી મુદ્દા નં.૧ નો જવાબ '' નકાર માં'' આપવામાં આવે છે.

**૧૧) મુદ્દા નં.૨ :–**

દાવાવાળી મીલ્કત વાદીની માતાને આ કામે વહેંચણીની નોંધ નં.૨૮૨ થી તેઓ ને કબજેદારો મૈયતના સીધી લીટીના વારસદારોએ આપસમાં વહેંચણી કરેલી તેની નોંધ સને ૧૯૬૬ માં પડેલ છે ત્યારથી દાવાવાળી મીલ્કત સજનાબેન ચતરાજીના નામે આવેલી. આ સજનાબેન પાસેથી પ્રતીવાદી નં.૧ નાએ આ કામના વાદી નં.૧ થી ૩ ના માતાઓની પાસેથી રજી.વેચાણ દસ્તાવેજથી સને–૧૯૭૬ માં ખરીદ કરેલ ત્યારથી તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી હોવાનું પુરવાર થતુ હોય મુદ્દા નં.૨ નો જવાબ '' હકારમાં'' આપવામાં આવે છે.

**૧૨) મુદ્દા નં.૩ :–**

આ કામે વાદીએ હાલનો દાવો રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૩૫૬ નો તા.૧૩/૬/૧૪ ના રોજનો તાત્કાલીક અસરથી રદ ઠરાવવાની દાદ માંગેલ છે. પરંતુ આ કામના વાદીઓએ સાથો સાથ આજ દાવાના પક્ષકારોની સામે રે.દી.મુ.નં.૫૧/૨૦૧૪ નો દાવો આ દાવાવાળી મીલકત વડીલોપાર્જીત છે અને તેમાંથી તેમનો હીસ્સો અલગ કરી આપવની તેમજ આ કામના પ્રતીવાદી નં.૧ નાએ સને–૧૯૭૬ માં જે વેચાણ દસ્તાવેજ આ કામના વાદીઓની માતા પાસેથી કરાવેલ તે રદ બાતલ ઠરાવવાની દાદ માંગેલ છે. તેમજ તે વેચાણ દસ્તાવેજ સને–૧૯૭૬ માં વાદીની માતાએ પ્રતીવાદી નં.૧ નાને કરી આપેલ છે. તે વેચાણ દસ્તાવેજમાં હાલના વાદી નં.૨ નાઓએ સાક્ષી તરીકે સહીઓ કરી આપેલ છે. જેથી આ

કામના વાદીને દાવાવાળી મીલ્કતનો વેચાણ દસ્તાવેજ સને–૧૯૭૬ માં થયેલાની જાણ છે. તેમજ આ કામના વાદી નં.૧ બબીબેન ચતરાજી માળીએ તા.૨૨/૯/૧૪ ના રોજ દાવાવાળી મીલકત બીન ખેતી અંગે કોઈ તકરાર નથી તેવુ સોગંદનામું એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રૂબરુમાં તા.૨૨/૯/૨૦૧૪ ના રોજ રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરી આપેલ છે. તેમાં તેઓએ પ્રતીવાદી નં.૧ ખાતે બીન ખેતીની જમીન સલામતી મીલ્કત ઉપર વાંધો રહેલ છે અને બીન ખેતીની જમીન ઉપર કોઈ વાંધો કે તકરાર ઉઠાવેલ નથી તેવુ લખાણ આંક–૧૦૦ થી પ્રતીવાદીએ રજૂ કરેલ છે. જયારે હાલનો દાવો વાદીએ વેચાણ દસ્તાવેજ નં.૩૩૫૬ નો તા.૧૩/૬/૨૦૧૪ નો રદ કરાવવા તા.૨૩/૯/૨૦૧૪ ના રોજ દાખલ કરેલ હોવાથી વાદીના હાલના દાવાને સમય મર્યાદાનો કોઈ બાધ નડતો નથી. જેથી <u>મુદ્દા નં.૩ નો જવાબ '' નકાર માં''</u> આપવામાં આવે છે.

**૧૩) <u>મુદ્દા નં.૪</u> :–**

આ કામે વાદીએ હાલનો દાવો તા.૧૩/૬/૨૦૧૪ નો વેચાણ દસ્તાવેજ રદ કરાવવા માટેની દાદ માંગતો દાવો તા.૨૩/૯/૨૦૧૪ ના રોજ દાખલ કરેલ છે. આ કામે વાદી ઓએ અગાઉ આજ પક્ષકારોની સામે રે.દી.મુ.નં.૫૧/૨૦૧૪ નો દાવો દાખલ કરેલ છે. તે દાવામાં તેઓએ ભાગ તેમજ હાલના વાદીની માતાઓએ પ્રતીવાદી નં.૧ ને આ દાવાવાળી મીલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે વેચાણ દસ્તાવેજ રદ બાતલ ઠરાવવાની દાદ માંગેલ છે. જેથી રે.દી.મુ.નં.૫૧/૨૦૧૪ નો દાવો વાદીઓનો મંજૂર થશે તો વાદીઓનો હાલનો દાવો ઓટોમેટીક મંજૂર થશે. આ કામે રે.દી.મુ.નં.૫૧/૨૦૧૪ ના દાવાનો હજુ સુધી ન્યાયીક નિર્ણય આવેલ નથી. તેમજ આ કામે વાદીઓએ હાલનો તેમજ રે.દી.મુ.નં.૫૧/ ૨૦૧૪ નો દાવો બંને એક જ સ.નં.૧૨૦ વાળી મીલ્કત અંગેનો કરેલ છે. તેમજ આ કામે વાદીઓની માતાના નામે નોંધ નં.૨૮૨ ની નોંધમાં સ.નં.૧૨૦ તેમજ સ.નં.૧૫૨/૧ વાળી બંને મીલ્કત વહેંચણીમાં થયેલ છે તો આ કામના વાદીઓએ સ.નં.૧૫૨/૧ વાળી મીલ્કત કે જે આ કામના વાદી નં.૨ આંક–૯૧ ના વેચાણ દસ્તાવેજથી સને–૧૦૭૬ માં વેચાણ આપેલ છે તો તે વેચાણ દસ્તાવેજ સ.નં.૧૫૨/૧ વાળી મીલ્કત અંગેનો છે. તો આ વાદીઓ

નં.૨, ૩ નાઓએ તે મીલ્કતનું પાર્ટીશન મેળવવા કોઈ દાવો દાખલ કરેલ નથી. તેમજ દાવાવાળી મીલ્કત બીન ખેતી થઈ અને દસ્તાવેજ થયો ત્યાં સુધી વાદીઓએ દાવાવાળી મીલ્કત અંગે કોઈ દાવો દાખલ કરેલ નથી કે બીન ખેતીના હુકમને કોઈ જગ્યાએ પડકારેલ નથી. આવી હકીકત આ કામે વાદીઓએ તેઓની ઉલટ તપાસમાં કબુલેલ છે. આમ, વાદીઓ એ તમામ મીલ્કતનું પાર્ટીશન માંગવુ જોઈએ. પાર્શીયલ પાર્ટીશનનો દાવો થઈ શકે નહી તેમજ જો વાદી નં.૧, ૩ નાઓએ વાદી નં. ૨ નાએ તેમની માતા પાસેથી કરાવેલ વેચાણ દસ્તાવેજ ગ્રાહ્ય / મંજૂર રાખતા હોય તો તેવા સંજોગોમાં વાદીઓની માતાના નામે જે મીલ્કત આવેલી છે તે તેઓને કબુલ મંજુર છે તેવુ હાલ પ્રથમ દર્શનીય રીતે માની શકાય. તેમજ જો વાદીઓ નં.૧, ૩ નાઓએ વાદી નં.૨ નો વેચાણ દસ્તાવેજ કબુલ મંજૂર રાખતા હોય તો તેવા સંજોગોમાં આ કામના પ્રતીવાદી નં.૧ નાએ વાદીઓની માતા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સને–૧૯૭૬ માં કરાવેલ છે તે વેચાણ દસ્તાવેજ વાદી નં.૨ ને કબુલ મંજુર ગણાય. કારણ કે તે વેચાણ દસ્તાવેજમાં વાદી નં.૨ નાઓએ સાહેદ તરીકે સહી કરેલ છે. તેમજ વધુમાં જો આ કામે રે.દી.મુ.નં.૫૧/૨૦૧૪ નો દાવો જો વાદીઓનો મંજૂર થશે તો તેની અસર આપો આપ હાલના દાવાને થવાની છે. આવા સંજોગોમાં આ કામે વાદી દાવામાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર બનતા હોય તેવુ પુરવાર થતુ ન હોય મુદ્દા નં.૪ નો જવાબ '' નકારમાં'' આપવામાં આવે છે અને મુદ્દા નં.૫ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) આ કામે વાદીઓનો હાલનો દાવો ગુણદોષ ઉપર ના મંજૂર યાને રદ કરવામાં આવે છે

(૨) આ કામે વાદી તથા પ્રતીવાદીઓને થયેલ તમામ ખર્ચ વાદીએ ભોગવવો.

(૩) હુકમ મુજબનું હુકમનામું દોરવુ.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મું.ડીસા<br>
તા.૩૦/૦૯/૨૦૨૨

**(યોગેશ નરેન્દ્રકુમાર પટેલ)**<br>
પ્રિન્સી.સીની.સીવીલ જજ,ડીસા.<br>
જી.જે.૦૦૬૬૪